Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત,

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૯ અંક : ૧૨ વિ.સં.૨૦૫૫ : ભાદરવો સન ૧૯૯૯ : સપ્ટેમ્બર



દ્વિભુજ ગણેશ, શામળાજી (વડોદરા સંગ્રહાલય)

પથિક કાર્યાલય, C/o. ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાત વિદ્યાસભા શિષ્યવૃત્તિઓ : નિયમો

**શિષ્યવૃત્તિઓ અંગેના નિયમોમાંથી અરજદારોને લાગુ પડતા નિયમો નીચે આપેલ છે.**

(૧) અરજદારની ગુણવત્તા નક્કી કરવા માટે માત્ર યુનિવર્સિટી પરીક્ષાના પરિણામને જ ધ્યાનમાં લેવાશે.

(૨) જે અરજદારોએ યુનિવર્સિટીની છેલ્લી' વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યો હશે તેમની અરજી જ ધ્યાનમાં લેવાશે.

(૩) શિષ્યવૃત્તિ એનાયત કરવા માટેની પસંદગી સમિતિ જાતિ, ધર્મ કે કોમના ભેદ રાખ્યા વિના મુખ્યત્વે વિદ્યાર્થીની ગુણવત્તા અને સાથે તેની આર્થિક પરિસ્થિને ધ્યાનમાં રખાશે એટલે કે જેના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૫૦,૦૦૦) કે તેથી ઓછી હશે તે વિદ્યાર્થી શિષ્યવૃત્તિને પાત્ર ગણાશે.

(૪) મોટે ભાગે માનવવિદ્યા, સમાજવિદ્યા અને વાણિજ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવશે.

(૫) શિષ્યવૃત્તિની મર્યાદા સામાન્ય રીતે એક વર્ષની ગણાશે. પરંતુ શિષ્યવૃત્તિ મેળવનાર જે વિદ્યાર્થીએ યુનિવર્સિટીની છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યો હશે તેને બીજા વર્ષે પણ ચાલુ રાખવામાં આવશે. પરંતુ કોઈ પણ સંજોગોમાં શિષ્યવૃત્તિની સમયમર્યાદા બે વર્ષથી વધુ ગાળા માટે લંબાવી શકાશે નહીં.

(૬) વિદ્યાર્થીએ લીધેલ મુખ્ય વિષય ચોક્કસપણે દર્શાવી શકાય તે તબક્કાથી શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે. આ પ્રમાણે શિષ્યવૃત્તિઓ વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને ત્રિવાર્ષિક અભ્યાસક્રમમાં દ્વિતીય અને તૃતીય વર્ષ દરમિયાન અને ઇજનેરી વિદ્યાશાખામાં ચોથા અને પાંચમાં વર્ષ દરમિયાન એનાયત કરવામાં આવશે.

(૭) વિજ્ઞાન વિદ્યાશાખા કે અનુસ્નાતક અભ્યાસ કરનાર વિદ્યાર્થીને સાધારણ રીતે આ શિષ્યવૃત્તિઓના લાભ આપી શકાશે નહીં. આમ છતાં નક્કી કરેલા વિષયમાં વણવપરાયેલી શિષ્યવૃત્તિ એનાયત કરવાની સત્તા પસંદગી સમિતિને રહેશે. આવી વણવપરાયેલી શિષ્યવૃત્તિ વિજ્ઞાન વિદ્યાશાખાના દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને તેમજ ગુજરાતી, સંસ્કૃત, ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન વિષય લેનાર અનુસ્નાતક વિદ્યાર્થીઓને ઉપર દર્શાવેલા નિયમોની મર્યાદામાં રહીને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવશે.

(૮) અરજદાર વિદ્યાર્થીએ અરજીમાં દર્શાવેલી કુટુંબની કુલ વાર્ષિક આવક, યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ તેમજ અન્ય હકીકતો સાચી છે કે એ મતલબનું પ્રમાણપત્ર તેની કોલેજના આચાર્યશ્રીએ આપેલું હશે તો જ શિષ્યવૃત્તિ માટેની અરજી ધ્યાનમાં લેવાશે.

(૯) શિષ્યવૃત્તિઓ માટેની અરજી ૩ ઓક્ટોબર ૧૯૯૯ સુધી સ્વીકારાશે.

આ માટેનું છાપેલું ફોર્મ : **માનાર્હ મંત્રીશ્રી, ગુજરાત વિદ્યાસભા, પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧** એ સરનામે પોતાના પૂરા સરનામાવાળું પરબીડિયું મોકલીને મંગાવી શકાશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી-મંડળ
ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વર્ષ ૩૯ ] ભાદરવો સં. ૨૦૫૫ : સપ્ટેમ્બર ૧૯૯૯ [ અંક ૧૨

## અનુક્રમ


| | | |
|---|---|---|
| સંપાદકીય | | ૧ |
| સંસ્કૃતમાં આધુનિકતાનું અવતંસ : 'मृत्युशतकम्' | ડૉ. નવનીત જોશી | ૨ |
| નેપાળ : સંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં | ડૉ. મહેશચંદ્ર પંડ્યા | ૭ |
| લોકજીવનમાં મેળાનું મહત્ત્વ | ડૉ. રશ્મિ હર્ષદરાય ઓઝા | ૧૧ |
| ૧૯૪૨ની ચળવળ અને 'રેડિયોબેન' ઉષામહેતા | અતુલ બગડા | ૧૪ |
| કાલોડસ્મિ | ચેતના યાજ્ઞિક, ભરત યાજ્ઞિક | ૧૮ |
| ગણેશનાં વિવિધ ઉપાસના સ્વરૂપો | ડૉ. નિરંજના વોરા | ૨૦ |


વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાંત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦ ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/- લવાજમ માટે મ.ઓ. યા બેન્ક ડ્રાફ્ટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.

જે ગ્રાહકોનાં વાર્ષિક લવાજમ બાકી હોય તેઓએ સવેળા મોકલી આપવા.

## સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લંખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C\o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C\o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કૅમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૯૪૩૯૩ . તા. ૧૫-૯-૯૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સંપાદકીય

પથિકનો આગામી ઓક્ટોબર-નવેમ્બરનો સંયુક્ત દીપોત્સવી અંક ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતુ, ગાંધીનગરના સહયોગથી પુરાતત્ત્વ વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંકમાં ઇતિહાસ પુરાતત્ત્વ, શિલ્પ, સ્થાપત્ય, તામ્રપત્ર, અભિલેખો, સિક્કા, ઉત્ખનનો વગેરે વિષયક લેખોનો સમાવેશ કરવામાં આવશે. સંશોધનલેખો તથા માહિતીપ્રદ લેખો સવેળા મોકલી આપવા સૌ લેખક મિત્રોને ઇજન પાઠવવામાં આવે છે.

આપનો લેખ અને જરૂરી તસ્વીરો મોડામાં મોડા ૧૫મી ઑક્ટોબર સુધીમાં પથિક કાર્યાલય ખાતે મોકલી આપવા વિનંતી. આપ સૌનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા સાથે.... અસ્તુ,

**સુભાષ બ્રહ્મભટ્ટ**
તંત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કૃતમાં આધુનિકતાનું અવતંસ : 'मृत्युशतकम्'

*ડૉ. નવનીત જોશી*★

સંસ્કૃતમાં ગુજરાતમાંથી નવચેતના લાવવાનું બીડું કવિવર ડૉ. હર્ષદેવ માધવે ઉઠાવ્યું છે. સંસ્કૃતમાં નાવીન્ય અને આધુનિકતા લાવવાના કવિના પ્રશસ્ય પુરૂષાર્થના ફલસ્વરૂપ જ તેઓશ્રી તરફથી આપણને તેમના દશમા સંસ્કૃત કાવ્યસંગ્રહરૂપે 'मृत्युशतकम्'ની પ્રાપ્તિ થાય છે. 'क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं कविताङ्गनायाः' વાક્યને પોતાનો મુદ્રાલેખ ગણી, આ કવિએ કવિતા-કામિનીને સતત નવાં નવાં અસબાબ-અવતંસો-થી શણગારી છે. સંસ્કૃતમાં અનેક વિદેશી તેમજ દેશજ કાવ્યપ્રકારોનો પ્રયોગ કરીને તેને અહોનિશ ધબકતું રાખવાની કવિની મથામણ ધીરે ધીરે રંગ લાવી રહી છે, તેવું તેમના આ કાવ્યસંગ્રહને જોવાં માત્રથી પણ લાગ્યા વિના રહેતું નથી. સંસ્કૃતભાષાને, તેનાં સાહિત્યને નવેસરથી સજાવવાની (Renovation) પ્રક્રિયાથી કવિ આ ભાષા-સાહિત્યને ખરા અર્થમાં આધુનિક બનાવે છે.

સામાન્યતયા સાંપ્રત સમયમાં જે લખાય તે બધું આધુનિક એવો ખ્યાલ આપણાં મનમાં હોય છે, પરંતુ આધુનિકતાનો સંબંધ કોઈ સમય સાથે નથી, એની ચોક્કસ વિભાવના છે અને તે વિચારો સાથે સંબંધો ધરાવે છે. તેથી કોઈ પ્રાચીન રચના પણ આધુનિક હોય શકે છે. 'જૂનું તે બધું જ કંઈ સોનું નથી હોતું અને બધું જ નવું કંઈ સ્વીકરણીય નથી હોતું.' આધુનિકતાના સંદર્ભે આ શબ્દો ઘણું જ કહી જાય છે.

ભાષા વિચારોની અભિવ્યક્તિનું સાધન છે, પણ તે રઢિયાળી તો વીર્યવાન સર્જકોથી જ બનતી હોય છે. વિદ્રોહ કાયરો કે નપુંસકોનું કાર્ય નથી ! તેને માટે તો અપિરિમિત આત્મ-સામર્થ્યની જરૂર પડે છે અને આ કાર્ય કોઈ વિર્યવાન સર્જક જ કરી શકે છે. ભ્રષ્ટ સમાજ સામે, જર્જરિત થયેલી પરંપરાઓ સામે કે કથિત મૂલ્યો સામે વિદ્રોહ એ આધુનિક કવિનું મહત્ત્વનું લક્ષણ છે. અસ્તિત્વના બોજ તળે કચડાયેલો મનુષ્ય વાસ્તવિકતાનો સ્વીકાર શું કરવાનો હતો ? અને તેથી જ આવી વ્યક્તિઓ આધુનિક કવિતાનું પ્રથમ લક્ષ્ય બને છે. કોઈપણ પ્રકારના દબાવને નહીં સ્વીકારતો આધુનિક કવિ છેક મનોજગતના અંતરાલ સુધી પહોંચે છે અને ત્યાંથી લવાયેલા શબ્દો વડે તે ભાવકને ક્ષુબ્ધ કરી દે છે, તેને ફરજિયાતપણે મૂંઝવણમાં નાખવાની રીત આધુનિક કવિને હાથવગી હોય છે. તે માત્ર તૈયાર કોળિયા જ આપતો નથી, વાચકની સજ્જતા પણ એટલી જ જરૂરી છે. હતાશા, નિરાશા, તિરસ્કાર, આઘાત વગેરેથી ઘવાયેલો કવિ સ્વયં પણ જાણતો નથી હોતો કે કવિતા ક્યાંથી આવી ! આ તેનું Automatic writing હોય છે. તેથી જ આધુનિક કવિ કદી વૈયક્તિક નથી હોતો, તે વૈશ્વિક ચેતનાનો વાહક હોય છે.

કવિવર શ્રી ઉમાશંકર જોશીએ ઈ.સ.૧૯૬૫ માં ગુજરાતીમાં એક કાવ્ય લખ્યું 'છિન્ન-ભિન્ન છું' ત્યારથી ગુજરાતીમાં આધુનિકતાની શરૂઆત થઈ. તેમના આ દૌરને ગુજરાતમાં-પરંતુ સંસ્કૃતમાં સુચારુતયા સાધનાર કવિશ્રી હર્ષદેવ માધવ કદાચ પ્રથમ છે. તેમનાં સમગ્ર કવનમાં આધુનિકતાનો ધબકાર શબ્દે-શબ્દે ઝીલાયેલો છે. વિવિધ કલ્પનો (Imagas) દ્વારા તે સમગ્ર વિષયને ઉજાગર કરે છે. અને તેમનો આ દશમો સંસ્કૃત કાવ્યસંગ્રહ 'मृत्युशतकम्' તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આમાં રજૂ થયેલાં ભિન્ન-ભિન્ન કલ્પનોમાં સૂક્ષ્મ દૃષ્ટિથી નિહાળતાં એક અદશ્ય અને અતૂટ તંતુ દૃષ્ટિગોચર થયા વિના નથી રહેતો, જે સંપૂર્ણ સંગ્રહને એકસૂત્રાત્મકતા અર્પે છે. આ બધી કલ્પનાઓ ભેગી મળીને જાણે એક 'મહાવાક્ય' બનાવે છે. આ સંગ્રહમાં પ્રસ્તુત લગભગ દરેક કલ્પન પાછળ કવિએ કોઈને કોઈ ઘટનાને સાંકળીને તેનું Psycological reflection રજૂ કર્યું છે. અહીં કવિએ મનુષ્યના અસાધારણ અસ્વસ્થ મનોવિકારોને-ખાસ કરીને એવા કે જેને માટે કોઈ શારીરિક કારણ ઉપલબ્ધ ન હોય (Psycosis) - રજૂ કર્યાં છે. દરેક કલ્પનમાં કોઈને કોઈ ઘટના આકાર લેતી જોવા મળે છે. કવિનું પોતાનું પણ દઢપણે માનવું છે કે—"કવિતા અકસ્માત નથી હોતી, ઘટના હોય છે."[૧] અને આવી ઉપેક્ષા તથા નિરાશામય ઘટનાઓના પ્રત્યાઘાતો તેના કવનમાં ઝીલાયા છે.

★ શ્રીમતી જે. સી. ધાનક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બગસરા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'मृत्युशतकम्'માં હતાશા' અને તિરસ્કાર સામે વિદ્રોહ કરનાર કવિ અધ્યાત્મના રંગો પૂરે છે. અધ્યાત્મની રજૂઆતમાં પણ કવિ તલસ્પર્શી છે. આ સંગ્રહનું ૩૧મું કાવ્ય અધ્યાત્મની પારાશીશી સમાન છે. આ કાવ્યનો ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠીએ કરેલો હિન્દી અનુવાદ આ પ્રમાણે છે-

"कोई कहता है नीली है मौत.
कोई कहता है पीली
कोई
प्रिया की आँखो के काजल-सी
काली उसे मानता है :
परन्तु आनंदमें डूबे आत्मा के मयूर के लिये
वह
'घन-श्याम' है ।"[2]

શું અહીં નરસૈયાનાં કથન-'બ્રહ્મ આગળ બ્રહ્મ લટકાં કરે' કરતાં કંઈ જ ઓછું હોય, તેવું લાગે છે ? આત્મરૂપી મયૂર તો ઘનશ્યામની બંસી પર જ નૃત્યુ કરે ને ! અને ત્યારે તેને ખોળવા છેક આનંદસાગરના તળિયે જ જવું પડે. ઘનશ્યામની બંસીનો નાદ સાંભળ્યા પછી પણ છબછબિયાં કરનારો જીવ અભાગિયો જ નહીં તો બીજું શું ? બીજી રીતે પણ કહીએ તો - મૃત્યુ જેટલો 'घन-श्याम' અર્થાત્ 'ગાઢ કાળો' રંગ અન્ય કોનો હોય શકે ? મૃત્યુ એક વિરામચિહ્ન છે, અને આ ચિહ્ન શૂન્યવકાશનો ભાવ દર્શાવે છે. અને શૂન્યમાં પણ જે શબ્દ-નાદ-નર્તન જગાવે તે ઘનશ્યામ નહીં તો બીજું કોણ ?

આ સંગ્રહમાં જ અન્યત્ર પણ એક નાનાં એવા કલ્પન દ્વારા કવિ અધ્યાત્મનો કેટલો વિશાળ ભાવ રજૂ કરી દે છે, તે જૂઓ-

"मृत्योः कर्दमे
निमग्नमस्ति
मम रथचक्रम् ॥" मृत्युशतकम्, ८८.

અહીં ઉપરછલ્લે મહાભારતનાં યુદ્ધમાં બનેલી કર્ણ-સંબંધી ઘટનાનો જ સંદર્ભ દેખાય છે. ચારેબાજુ યુદ્ધના ડંબરો છવાયેલાં છે, હિંસાનો ભરડો મુશ્કેટાટ છે. અને એવા વાતાવરણમાં આ ઘટના ઘટે છે, જેનું પરિણામ પણ કર્ણનું મૃત્યુ જ છે. પરંતુ ઊંડાણમાં જોઈએ તો બધાં જ યુદ્ધોનું શમન થઈ જાય છે, અને ત્યાં વહે છે-અધ્યાત્મની પવિત્ર-પાવની સરિતા. ઉપનિષદોમાં શરીરને 'રથ' અને જીવને 'રથિન્' કહેલ છે.[3] શરીર અર્થાત્ જીવન, જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી જ શરીર છે. અને આ જીવન કે શરીરરૂપી રથનું પૈડું ત્યારે જ ફરતું બંધ થાય છે કે જ્યારે તે મૃત્યુરૂપી કાદવમાં ફસાય જાય છે. જીવનરથની ગતિ અટકી જાય છે, અને આ ગત્યાવરોધ કે તેમાં કારણરૂપ તે મૃત્યુ, અને ત્યારે રથીએ ના છૂટકે પણ તે રથનો ત્યાગ કરવો જ પડે છે-કેવું વાસ્તાવિક mythical અધ્યાત્મ !

આ સંગ્રહમાં જેટલો આધ્યાત્મિકતાનો આસવ છે એટલો જ વાસ્તવિકતાના સ્વીકારનો કટુરસ પણ છે, જેને માનવમન તુરંત ગળે નથી ઉતારી શકતું. મૃત્યુ શાશ્વત છે, છતાં તેનો સ્વીકાર ભયપ્રદ છે. આજનો માણસ જીવનભર સતત કોઈ કાલ્પનિક ભયમાં જ જીવતો રહે છે. આવો ભયભીત મનુષ્ય વાસ્તવિકતાને કઇ રીતે સ્વીકારે ? અને તેથી જ તેને મૃત્યુ કે જે નરી વાસ્તવિકતા છે તેનો ભય લાગે છે. મૃત્યુ તેની પાછળ દોડતું રહે છે અને તે સતત ભાગતો રહે છે. માણસની આ નિષ્કારણ પલાયનવૃત્તિનો ચિતાર કવિ આમ આપે છે-

"कालयवनभयात्
माधवौ द्वौ पलायितौ ।
प्रथमः



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

माधवो वासुदेवः ।
अधुना
माधवो हर्षदेवः ॥'' मृत्युशतकम्, ८७.

હર્ષદેવ માધવ કોણ ? કાલ(મૃત્યુ)રૂપી યવનના ભયથી ભાગેલ કાયર-પામર મનુષ્ય, અથવા તો પામર મનુષ્યત્વનું પ્રતીક, વાસ્તવિકતાનો અસ્વીકાર કરીને અજ્ઞાત ભયમાં જીવનાર. આધુનિક કવિતાનું આ પણ એક મહત્ત્વનું લક્ષણ છે. તે માનવની પલાયનવૃત્તિ-પછી તે આધ્યાત્મિક હોય, બૌદ્ધિક હોય કે ગમે તે પ્રકારની-પર કુઠારાઘાત કરે છે. આધુનિક કવિને મન જે વાસ્તવિકતાને સ્વીકારતો નથી, તે પામર છે, અને તેને જીવન જીવવાનો કોઈ જ અધિકાર નથી. તેને માટે તો મૃત્યુ જ યોગ્ય છે. જીવન તો જેની ભ્રાન્તિ ભાંગી ગઈ છે, જેણે મૃત્યુને ખરા અર્થમાં પિછાણ્યું છે, તેના માટે જ છે. અને આવી જ વ્યક્તિ મૃત્યુની ઓળખ કંઈક આમ આપી શકે-

''भ्रान्तिर्मे नष्टा ;
मया त्वं सिंहो मतः
अहो बत !
त्वमसि मूषकसञ्चार :॥'' मृत्यु. ६१.

આવા લોકોને માટે તો સ્વયં મૃત્યુ જ પામર છે. મૃત્યુની આ પામરતાને કવિ અન્ય શબ્દોમાં પણ આમ કહીને વર્ણવે છે-

''हे मृत्यु !
चिड़िया को मार सकती हो तुम
पर जो गूँज
चिड़ीया की कूक से उठी है,
उसको नहीं ॥'' मृत्यु. ११

મૃત્યુ અનિવાર્ય છે, સમયની બાબતમાં ચોક્કસ છે. તે આવશે જ; નિયત સમયે પ્રતીક્ષા કરાવ્યા વગર આવશે. કદાચ દરરોજ ચાખી-ચાખીને એકઠાં કરેલાં બોર લઇને શબરી રાહ જોતી રહે-ક્યારે આવે મારો રામ ! અને મર્યાદા પુરુષોત્તમ ન આવે, એવુંય બને, અહીં ચોક્કસતા તો નથી જ. પરંતુ મૃત્યુની બાબતમાં આમ નહીં કહી શકાય, કેટલું કરુણામય છે, મૃત્યુ ! કવિ કહે છે-

''मृत्युरस्ति करुणामयः ;
अस्माकं बदरीफलार्धमदितुं
मर्यादापुरुषोत्तम आगच्छेत्
वा न वा
मृत्युस्त्वागमिष्यत्येव ॥'' मृत्यु. २३.

આજની આ વિષમ વેળાએ મૃત્યુ કેટલું સસ્તું થયું છે ! પણ ત્રાસવાદથી ત્રસ્ત માનવી સતત અકસ્માત્ આવી પડનારા ભયંકર મૃત્યુના ભયના ઓથાર નીચે જીવી રહ્યો છે. ત્યારે મૃત્યુ સસ્તું હોવા છતાં મોંઘું બની જાય છે. કેવી વિષમતા ! આજના માનવીને તો હવે શોધ છે, માત્ર શાંતિદાયક, પીડા વગરના, અભિજાત્યપૂર્ણ અને બાધવસરીખા મૃત્યુની, તેથી જ તો તેણે જાહેરાત (Advertisement) કરવી પડે છે :

''विज्ञापनमेकम् :-
आवश्यकता ह्यस्ति मृत्योः
यो भवेत्
शातादायकः



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पीडानाशक:,
आभिजात्ययुक्त:
अपि च स्वजनसदृश: ।
सप्तदिवसावधिर्निर्धारित:
विज्ञापनसम्बन्धिने ॥'' मृत्यु. ९.

ભ્રષ્ટ સમાજ, લાગવગ અને સગાંવાદ પર કટાક્ષ કરતાં કવિ કહે છે -

''मृत्युरागच्छति
श्रीमते त्वायकरनिरीक्षकरूपेण,
सुरामत्ताय रक्षकदण्डरूपेण,
कर्मचारिणे कार्यालयाधिकारी भूत्वा,
अकिञ्चनाय मूल्यवृद्धिरूपेण,
मन्त्रिणे निर्वाचनपराजयरूपेण
किन्तु
मृत्यो !
अहं तु भक्तोऽस्मि.......॥'' मृत्यु.७.

મૃત્યુ બાદ સ્વર્ગ મળશે, સ્વર્ગમાં અપ્સરાઓ હશે, એવા પ્રકારની લિપ્સા કે ભ્રમણામાં રાચતાં મનુષ્યો પર પરિહાસ કરતાં કવિ કહે છે-

''अविहा !
किमियदेव मे पुण्यं
यमराज !
यत्-
स्वर्गे ह्यप्सरसो भवेयु :,
न भवेदुपनेत्रं मे ! ॥'' मृत्यु. ६.

વિવિધ સંપ્રદાયો - ધર્મોની પાછળ દોડનારો આજનો મનુષ્ય નથી રહ્યો તેનાં મૂળ ઘરનો કે નથી રહ્યો ઘાટનો. પરંતુ કબીરના શબ્દોમાં કહીએ તો ''जो कील से लागी रहै, उसे काल न खाय ॥'' અને આવો જ કંઈક ધ્વનિ વર્તાય છે, કવિનાં આ કાવ્યમાં-

''दक्षिणनायको भूत्वा
य: पादयो: पतति
तस्य वक्षसि मृत्यु: प्रहरति ।
या स्वाधीनपतिका भूत्वा
प्रतिक्षते,
तामालिङ्गति साभिलाषम् ॥'' मृत्यु. ६६.

કેવળ પુરાવાઓને આધારે સત્યને અસત્ય અને અસત્યને સત્ય ઠેરવતી જૂઠી અને ભ્રષ્ટ ન્યાયપદ્ધતિ પર વ્યંગ્ય કરતાં કવિ લખે છે-

''मृत्यो ! आगच्छ
यदि त्वमागन्तुकामोऽसि



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'खमाजदादरा' रागो भूत्वा
रात्र्या द्वितीयप्रहरे,
पूर्णं कुरु –
स्वप्नसुरापात्रं मे
हालाहलेनापि ।
जना मे हत्यामपि
आत्महत्यां गणयेयुः कामम् ॥''मृत्यु. १६.

મૃત્યુ બધાં જ ભૌતિક બંધનોને તોડી નાખે છે. સૌથી કઠિન બંધન અનુરાગનું છે. અને તેમાંયે પત્નીનો અનુરાગ. પરંતુ મૃત્યુ આ બંધનનો પણ ધ્વંસ કરી દે છે, ત્યારે કવિની કલમ નોંધે છે:

''बंगुरिकाकाचखण्डैः
'कैलिडोस्कोप' यन्त्रे
नववर्णवैविध्ययुक्ता रागावली
(=अल्पना) भवति ;
किन्त्वधुना
विविधवर्णा रागावली
बंगुरिका-(चूडी) खण्डैरेव
विकीर्णा जाता ।'' मृत्यु.२२

'मृत्युशतकम्'નાં અનેક કાવ્યોને અનેક પ્રકારે મૂલવી શકાય તેમ છે, પરંતુ આ 'શતકકાવ્ય' કાવ્યનો મુખ્ય ધ્વનિ તો મૃત્યુની પોકળતા જ છે, સાવ ખાલી અને ઢાંકણાં વગરની શીશીના જેવી !

કવિ હર્ષદેવ માધવનો પ્રયોગવાદ પણ અહીં પૂર્ણપણે પ્રકટ થાય છે. તેમની પ્રયોગશીલતા વિશે ડૉ. રશ્મિકાંત ધ્રુવ નોંધે છે કે-

''डॉ. हर्षदेव माधव आधुनिक संस्कृत साहित्य में योगदान देनेवाले प्रमुख कवियों में एक हैं । वे संस्कृत के सशक्त, प्राणवान और सर्वाधिक प्रयोगशील हस्ताक्षर हैं, जिन्होने संस्कृत कविता को कई नये आयाम दिये हैं ।''[५]

આધુનિક કવિ પોતાનો સમાજ, યુગ અને મૂલ્યોની વ્યવસ્થા વગેરેને ચિતરે છે. પણ જ્યારે તે તેમાં પ્રવેશેલી વિકૃતિઓનું દર્શન કરે છે, ત્યારે તેનું વ્યાકુળ મન આ બધા સામે બંડ પોકારે છે. અને તેનો પડઘો તેનાં સાહિત્યમાં સંભળાય છે. 'मृत्युशतकम्'ની પ્રતીકાત્મકતામાં પણ કંઈક અંશે આ બાબતનાંય દર્શન થાય છે. સંસ્કૃતમાં આધુનિકતા લાવવાનું કવિનું આ પ્રયોગાત્મક સોપાન ખરેખર પ્રશસ્ય છે.

**સંદર્ભો :**


૧. આ જ કવિના ચતુર્થ સંસ્કૃતકાવ્યસંગ્રહ-मृगयाની 'કેફિયત'.
૨. 'पक्षी के पंख पर गगन', संपा. डॉ. रश्मिकान्त ध्रुव, चारुतर संस्कृत परिषद, आणन्द (गुजरात)
૩. आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु । કઠોપનિષદ્
૪. पक्षी के पंख पर गगन, पृ. १९.
૫. એજન, પૃ.૩.


*નોંધ :* આ લેખનો કેટલોક પ્રારંભિક અંશ કવિના - એકેડેમિક સ્ટાફ કૉલેજ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ - વ્યાખ્યાનમાંથી સાભાર લીધેલ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નેપાળ : સંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં

ડૉ. મહેશચંદ્ર પંડ્યા*

ભગવાન ગૌતમબુદ્ધની જન્મભૂમિ લુંબિનીવનની પાવન ધરાથી શોભતું, મધ્ય હિમાલયની ઊંચી ઊંચી ગિરિમાળાઓના દક્ષિણ ઢોળાવ પર આવેલું પ્રાકૃતિકધામ નેપાળ, ૨૬°-૨૦° થી ૩૦-૧૬ ઉત્તર અક્ષાંશ અને ૮૦°-૧૫° પૂર્વ રેખાંશથી ૮૮° પૂ.રેખાંશ વૃત્ત વચ્ચે લંબચોરસ આકારે વિસ્તરેલું છે. ૧૪૭૯૭ ચો.કિ.મી. ક્ષેત્રફળ ધરાવતું, ઉત્તર ચીનની સત્તા નીચેના તિબેટના પ્રદેશની અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમે ભારતની સરહદોના સીમાડા સાંધતું આ નાનકડું રાજ્ય નેપાલ, ભારત અને ચીન જેવાં બે મહાન રાષ્ટ્રોની સરહદો વચ્ચે, બે હાથીઓ વચ્ચે ઊભેલા મદનિયાની જેમ આવે છે.

ઈ.સ.ની ૧લી થી આઠમી સદી સુધી આ ભૂમિમાં લીચ્છવીઓનું શાસન હતું. આઠમી સદીમાં કાઠમંડુની સ્થાપના થઈ ત્યારથી કાઠમંડુ નેપાલની રાજકીય સત્તાનું કેન્દ્ર બન્યું, અહીં લીચ્છવીઓના અંત પછી લગભગ ૮ સૈકા સુધી મલ્લ રાજાઓએ શાસન કર્યું. ઈ.સ. ૧૭૬૯માં પૃથ્વીનારાયણ શાહે શાહવંશની સ્થાપના કરી ત્યારથી ઈ.સ. ૧૮૫૦માં રાજા ત્રિભુવન વીરવિક્રમસિંહ શાહે રાજાશાહીનો અંત આણ્યો, ત્યાં સુધી શાહવંશી રાજાઓનું શાસન રહ્યું. ત્રિભુવનના પુત્ર મહેન્દ્રના સમયમાં નેપાલની પ્રજાએ લોકશાહી અપનાવવા પ્રયત્નો કર્યાં. તે પછી નેપાલમાં પંચાયતી-રાજયવ્યવસ્થા સ્થપાઈ. તાજેતરમાં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ બહુમતીથી ચૂંટાયો હોવાથી હાલમાં નેપાલમાં કોંગ્રેસનું શાસન છે.

ગિરિમાળાઓ અને ગિરિકંદરાઓ વચ્ચે ગોળમટોળ ગુરખાની જેમ શોભતું નેપાળ, પ્રાકૃતિક રીતે મહાહિમાલય અને લઘુહિમાલય, શિવાલિક હારમાળા અને આંતરતરાઈ તથા તરાઈનાં મેદાનોમાં વહેંચાયેલું છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ તરફ વિસ્તરેલી ઊંચી ઊંચી સંખ્યાબંધ પર્વતમાળાઓથી ઓપતા નેપાળની ઉત્તરે આવેલાં લગભગ આઠ હજાર કિ.મી. ઊંચા હિમાચ્છાદિત શિખર, તપશ્ચર્યા કરતા ઋષિના શ્વેત કેશરાશિયુક્ત મસ્તકની જેમ શોભે છે ! ઉત્તર તરફથી દક્ષિણ તરફ ગમન કરતાં ઉત્તુંગ શિખરોની ઊંચાઈ ઘટતી જાય છે. મહાહિમાલયની દક્ષિણે આવેલાં લઘુહિમાલયનાં શિખરો અને લઘુહિમાલયની પણ દક્ષિણે આવેલી શિવાલિક ગિરિમાળાની ઊંચાઈ તો ઘટતાં ઘટતાં છેક ૩૦૦ કિ.મી.ની થઈ જાય છે. અને તેનાથી પણ દક્ષિણે આવેલાં આંતરતરાઈ અને તરાઈનાં પ્રદેશો તો સાવ સપાટ મેદાનોમાં ફેરવાઈ જાય છે; તે જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ જવાય છે !

'મહાભારત લેખ' તરીકે ઓળખાતી લઘુ હિમાલયની સૌથી મોટી ગિરિમાળાનાં લગભગ ૨૦૦૦ મીટરની ઊંચાઈ ધરાવતાં શિખરો પર શિયાળામાં બરફ છવાય જાય છે ત્યારે, તે ધવલ ગિરિમાળામાં ફેરવાઈ જાય છે. નેપાળના આ રળિયામણા પ્રદેશમાં પોખરા અને કાઠમંડુ આવેલાં છે.

કાઠમંડુની પશ્ચિમે આવેલી પોખરા ખીણ હિમનદી કૃત જલપ્રવાહો દ્વારા ઠલવાયેલા કાંપથી સમથલ અને ફળદ્રૂપ બનેલી છે. ભારત અને નેપાળના સીમાડાને સાંધતી સુનૌલી સીમાને ઓળંગીને અમારી ગાડી, તા. ૧૮ મે, ૧૯૯૯ના રોજ પ્રાકૃતિક ધામ નેપાળમાં પ્રવેશી ત્યારે, લાંબા સમયથી નેપાળની ભૂમિનાં દર્શન કરવાનાં સ્વપ્ન સાકાર થવાના આનંદથી અમારાં મન નાચી ઊઠ્યાં હતાં !

ભારતની ઉત્તર સીમા અને નેપાળની દક્ષિણ સીમાને સાંધતી એ ભૂમિ, નેપાળનાં 'તરાઈનાં મેદાનો' તરીકે ઓળખાય છે. સમુદ્રની સપાટીથી લગભગ ૧૫૦ મીટરની ઊંચાઈએ આવેલાં એ મેદાનો દક્ષિણે ભારત તરફ આગળ વધીને ગંગા-જમનાનાં મેદાનોમાં ભળી જઈને ભારત-નેપાળ સમન્વયનો સેતુ રચે છે ! અમારી ગાડી નેપાળના પ્રસિદ્ધ 'સિદ્ધાર્થ રાજમાર્ગ' પર સડસડાટ દોડતી હતી. ભારત અને નેપાળની સરહદો સાંધતો, ત્રિશૂલી નદી જેવી નાની નાની નદીઓની સાંકડી ખીણોમાં થઈને વહેતો એ માર્ગ ૨૦૯ કિ.મી. લાંબો છે. તરાઇના જંગલોમાં થઈને પસાર થતા એ માર્ગની બન્ને બાજુઓ ખેર, સીસમ, સાલ, ચેરી, ચામ્પ, પૈયુ, ચિલૌની, સિમળ, આસ્સા, સતીસાલ, ખાખરો, નૂન,

★ ૫૪/૨, સેક્ટર ૩ એ. ન્યૂ., ગાંધીનગર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેજુબે વગેરે વૃક્ષોથી છવાયેલી છે. એ વૃક્ષો સડસડાટ વાતા સમીરથી ડોલતાં હતાં, જાણે હસતાં હસતાં અમારું સ્વાગત કરતાં ન હોય ! પવનની શીત લહરીથી શીતળ બનેલો માર્ગ અમને ભારતની ગરમ આબોહવામાંથી મુક્ત થવાનો આનંદ પીરસતો હતો. વચ્ચે વચ્ચે પસાર થઈ જતા પવનના સૂસવાટા અને વરસાદના છાંટા અમારા મનને પ્રફુલ્લિત કરી જતા હતા. હિમસરોવરમાંથી નીકળીને ભેખડો વચ્ચે દોડતી ત્રિશૂલી નદીને કિનારે અમારી ગાડી પણ 'ત્રિશૂલી'ની જેમ વહે જતી હતી ! એ ગાડી ઊંચી પહાડીઓ ચઢે ત્યારે અમારો જીવ મોંઢામાં છેક ઊંચે આવેલા તાળવે ચોંટી જતો ઢોળાવ પરથી નીચે સરકે ત્યારે અમારા પેટમાં શીતળ શેરડા પડી જતા ! ઘેઘૂર વનરાજી અને ઘટાટોપ વાદળો રાત્રિના અંધકારની આભાને ચાર ચાંદ લગાવતાં ! રાત્રિના આઠ વાગે તો આખુંય નેપાળી નભ, અમારા રસ્તાને અજવાળવા, સમસ્ત તારામંડળને લઈને છેક ધરતી ઊંચાં ગિરિશ્રૃંગો પર આવેલી રાવટીઓમાં ટમટમતા વીજળીના ગોળા, જાણે ગગન ગોખને અજવાળતા હોય તેમ દીસતું હતું ! કુદરતના સૌંદર્યને પીને સંતૃપ્ત થયેલાં અમોને રાત્રે નવ વાગ્યે પોખરાએ પોંખી લીધાં ત્યારે, વરસાદનાં ઝાપટાં અને પવનના સૂસવાટા થાકેલાં માણસોની જેમ રાત્રિની મીઠી નીંદ માણવાની તૈયારી કરી રહ્યાં હતાં ! અમે રાત્રે ૯-૩૦ કલાકે પોખરાના એરોડ્રામ પાસે આવેલા શ્રીકૃષ્ણ પ્રણામી મંદિરમાં ઊની ઊની ખીચડી-કઢી આરોગીને થાકેલાં ભૂલકાંની જેમ ઘસઘસાટ ઊંઘી ગયાં !

'પોખરા' જગતભરના સહેલાણીઓનું આકર્ષક ધામ છે. અહીં કુદરતી કરામતનો માણસે સરસ ઉપયોગ કર્યો છે. પોખરાના 'રત્નચોક'થી બે કિ.મી.ના અંતરે કુદરતે કંડારેલી ભવ્ય ગુફામાં ગુપ્તેશ્વર મહાદેવનું સ્થાપન કરીને માનવે કુદરતી સૌંદર્યને ધાર્મિક ભાવનાથી મઢી લીધું છે. તેથી અનેક સહેલાણીઓ મનભરીને આ ગુફાનાં દર્શન કરે છે. એ ગુફાથી લગભગ એકાદ કિ.મી.ને અંતરે 'ડેવિલ્સ ફોલ્સ' આવેલો છે. ઊંચી પહાડી પરથી પડતા પાણીના વિપુલ જથ્થાને લીધે અહીં સુંદર ગુફા પણ બની છે. લીલોતરીની લીલીછમ ઝાઝમ પર સર્પાકારે સરકતો પાણીનો એ પ્રવાહ ધરતીના ઉર પર રમણ કરતો કરતો છેક નીચાણના બાગે ઠલવાય ત્યારે, તેને સૌંદર્ય શબ્દાતીત બની જાય છે ! પોખરામાં પ્રચલિત દંતકથા પ્રમાણે એ સ્થળ ડેવિસ નામની કોઈક વ્યક્તિનો ભોગ લેવાયો હશે, તેથી તે સ્થળ 'ડેવિલ્સ ફોલ્સ' તરીકે ઓળખાય છે.

અહીંથી લગભગ ૧૦ કિ.મી.ના અંતરે 'મહેન્દ્રગુફા' નામે પ્રસિદ્ધ બૌદ્ધ ગુફા આવેલી છે. મૌર્ય સમ્રાટ અશોકના પુત્ર મહેન્દ્રના નામ પરથી આ ગુફાને 'મહેન્દ્ર ગુફા' તરીકે ઓળખાય છે. લોકવાયકા પ્રમાણે એ ગુફા ખૂબ લાંબી હોવાથી તેનું માપ લેવા ગયેલાઓ પાછા આવી શક્યા નથી ! અમે એકાદ કિ.મી. સુધી એ ગુફામાં ગયાં, પરંતુ લાઇટની સુવિધાને અભાવે અમે એથી આગળ જઈ શક્યાં ન હતાં.

પોખરામાં સહેલાણીઓનું અનોખું આકર્ષણ-કેન્દ્ર 'ફીવા લેઈક' છે. ખૂબ જ ઊંડાઈ ધરાવતું આ વિશાળ સરોવર પાંચ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલું છે. એ સરોવરમાં સહેલાણીઓ માટે નૌકા-વિહારની સુંદર સુવિધા છે. દેશ-વિદેશોના સંખ્યાબંધ સહેલાણીઓ અહીં બોટીંગની મઝા માણવા આવે છે, અને આખો દિવસ સ્વતંત્ર રીતે બોટીંગની મઝા માણે છે. અમે પણ બોટીંગની મઝા માણતા માણતા સરોવરની મધ્યમાં આવેલા ટાપુ પર શોભતા વરાહી માતાના મંદિર ગયાં હતાં. સરોવરની આસપાસની ઊંચી ટેકરીઓ બરફથી રૂપેરી બનીને શોભતી હતી. એ પ્રાકૃતિક સૌંદર્યને કલાત્મક રીતે કેમેરામાં કેદ કરતાં કિરણ ધરાતો ન હતો !

કુદરતી સૌંદર્યથી ભરપૂર પોખરાની વિદાય લેવી વસમી હતી ! તેમ છતાં, નિર્ધારિત કાર્યક્રમ મુજબ અમે, તા. ૨૦-૫-૯૯ના રોજ પોખરાની મનોહર સ્મૃતિને હૃદયમાં કંડારીને, પોખરાને પ્રેમ પૂર્વક પ્રણામ કરીને, અમારા યજમાન રૂદ્રપ્રસાદજી અને તેમના પરિવારના આતિથ્યને વાગોળતાં ભારે હૈયે વિદાય લીધી ત્યારે સુંદર સાથનાં હૈયાં પણ ભીનાં બની ગયાં હતાં.

તા. ૨૦-૫-૯૯ની સુરમ્ય સવારે અમારી ગાડી, લગભગ ૫હજાર કિ.મી.ની ઉંચાઇ પર આવેલા નેપાળના પહાડી પાટનગર કાઠમંડુ તરફ રવાના થઈ. પોખરા ખીણની પૂર્વે, ૧૨૫ કિ.મી. લાંબી અને ૨૪કિ.મી. પહોળી કાઠમંડુ ખીણ આવેલી છે. ત્રિશૂલી નદીના ખીણો અને ભેખડોને ઠેકતી ઠેકતી, દુર્ગમ પહાડી વટાવતી અમારી ગાડી ગજગામીની ગતિએ સરકતી હતી ! નેપાળ એટલે નદીઓ અને ઝરણાંનો દેશ ! અહીં પર્વતોના ઢોળાવ પરથી સરકતાં અનેક ઝરણાં જોવાં એ લ્હાવો છે, હોસી, ગંડકી, કરનાલી અને મહાકાલી જેવી મોટી નદીઓ તથા બાગમતી, કમલા, રાપ્તી, ત્રિશૂલી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવી નાની નદીઓ નેપાળના સૌંદર્યમાં ઓર વધારો કરે છે. એ નદીઓનું ઉદ્ભવ સ્થાન હિમ સરોવરો હોવાથી તેમાં વર્ષમાં બે વાર પુર આવે છે નેપાળના મોટાભાગના રસ્તાઓ એ નદીઓના કિનારે કિનારે પથરાયેલા છે.

દુનિયાના મોટાભાગના દેશોમાં વાહન વ્યવહાર માટે જળમાર્ગ, હવાઈમાર્ગ અને જમીનમાર્ગનો ઉપોયગ થતો હોય છે. પરંતુ નેપાળ પહાડી રાજ્ય હોવાથી અહીં આંતરિક જળમાર્ગો વિકસ્યા નથી પરંતુ હવાઈમાર્ગ અને જમીનમાર્ગનો ઠીક ઠીક વિકાસ થયો છે. નેપાળમાં ઈ.સ. ૧૯૫૧માં હવાઈમથકો કાર્યરત છે. જેમાં કાઠમંડુ, પોખરા, પાલંગતાર, ભરતપુર, ધનગણ વગેરે મુખ્ય છે. જ્યાં હવાઈ પટ્ટી ન હોય ત્યાં સ્ટોલ વિમાન કે હેલીકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવે છે.

નેપાલની જમીન-સપાટીનો ૪-૫ ભાગ, પહાડી હોવાથી અહીં ભૂમિમાર્ગ તૈયાર કરવો કઠીન અને ખર્ચાળી હોય છે. તેથી ભૂમિમાર્ગ તરીકે સડકમાર્ગ, કેડી, પગવાટ, ઘોડાવાટ, ગાડાવાટ પગદંડી વગેરે આજે પણ જીવંત છે. તરાઈ પ્રદેશમાં ૧૮૫૦ કિ.મી. કાચા અને ૧૨૦૦ કિ.મી.ના પાકા સડક માર્ગો તૈયાર કરવામાં આવ્યો છે. તેજ રીતે રેલવે માર્ગનો પણ વિકાસ થઈ શક્યો નથી. પરંતુ દ.નેપાલમાં 'રક્ષૌલં'થી 'આમલેખગંજ' ૪૮ કિ.મી. લાંબો અને 'જનકપુરથી જયનગર' સુધીનો ૬૨ કિ.મી. લંબાઈ ધરાવતો નેરોગેજ રેલમાર્ગ મળીને નેપાળમાં માત્ર ૧૧૦ કિ.મી. લાંબો રેલવે માર્ગ છે.

અહીં સડક માર્ગ કે રેલવે માર્ગ કરતાં બાંધકામની દષ્ટિએ સસ્તા પડતા તરાઈ પ્રદેશ, કાઠમંડુ અને હૈટૌડાને જોડતા કુલ ૪૭કિ.મી.ની લંબાઈ ધરાવતા બે રજ્જુ માર્ગો પણ આવેલા છે.

નેપાળના મુખ્ય ભૂમિમાર્ગો 'ધોરીમાર્ગ' ચાર ભાગમાં વહેંચાયેલા છે. કાઠમંડુ અને તરાઈ વિસ્તારની ભારતની સરહદ રક્ષૌલને જોડતો ૧૨૭ કિ.મી. લાંબો 'ત્રિભુવન રાજમાર્ગ', કાઠમંડુ અને તિબેટનો જોડતો ૧૦૪ કિ.મી.. લાંબો 'કાંઠમંડુ-કોદરી' રાજમાર્ગ, પોખરા-તરાઈને જોડતો અને ભારતની સરહદને સ્પર્શતો ૨૦૯ કિ.મી. લાંબો 'સિધ્ધાર્થ રાજમાર્ગ' અને મેચી નદીથી મહાનદી સુધીનો સૌથી લાંબો ૮૩૨કિ.મી.નો 'પૂર્વ-પશ્ચિમ ધોરી માર્ગ.'

પોખરાથી નીકળેલી અમારી ગાડી 'સિદ્ધાર્થ રાજમાર્ગ' પસાર કરીને 'ત્રિભુવન રાજમાર્ગ' પર, ત્રિશુલી નદીને કિનારે કિનારે માત્ર ૩૦ કિ.મી.ની ગતિથી ચાલતી હતી ! કુદરતી સૌંદર્યથી ભરપુર એ રસ્તો ગાડીની મંદગતિના કંટાળાને બદલે સૌંદર્ય પાનની મધુરતાનો આનંદ આપતો હતો. રસ્તે પર્વતોના ઢાળાવ પર પગથિમાં જેવાં ખેતરોમાં મકાઈનો ઉભોપાક હિલોરા લેતો હતો. ગગનચુંબી, હિમાચ્છાદિત શિખરો, ઘડીકમાં વાદળોમાં છૂપાઈ જઈને સંતાકુકડી રમતાં ભાષતાં હતાં ત્યારે કિરણ, ઠેકઠેકાણે ગાડી ઉભી રાખીને એ મનભાવન દ્રશ્યોને કેમેરામાં કંડારી લેતો હતાં ! તેનું મધુર પાન કરતાં કરતાં અમે કાઠમંડુ પહોંચ્યાં. અને ગોઠાટારના શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં ગોઠવાયાં.

નેપાલમાં ૩% ઈસ્લામ ધર્મી, ૭.૫% બૌદ્ધ ધર્મી અને ૮૯.૫% હિંદુધર્મી લોકો વસે છે. હિંદુધર્મીઓમાં પણ પ્રણામી ધર્મનો સારો મહિમા હોવાથી નેપાળમાં ઠેકઠેકાણે પ્રણામીધર્મી મંદિરો આવેલાં છે.

કાઠમંડુમાં આકર્ષક ભૂમિ દ્રશ્યો ઉપરાંત, બૌદ્ધ મંદિરો, પ્રસિદ્ધ પશુપતિનાથના મંદિર સહિતનાં હિંદુ મંદિરો, શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરો, કલા-સ્થાપત્યનો સમૃદ્ધ વારસો ધરાવતાં પુરાણા કાષ્ઠશિલ્પથી ભરપુર ભક્તપુર, ભયમાલ, ઈમાડોલ પ્પાટણ પુલચોક, દિલ્હી બજાર, સુપરમાર્કેટ, હોંગકોંગ માર્કેટ, ભરકુટી ભંડો, રોયલ પેલેસ, દરબાર માર્ગ વગેરે દર્શનીય સ્થળો આવેલાં છે. ગોઠાટાર મંદિરના શ્રદ્ધાળુ શ્રી શિવપ્રસાદ સંજેલે આખો દિવસ સાથે રહીને અમને એ દર્શનીય ધામોની માહિતી સભર મુલાકાત કરાવી ત્યારે અમારા મનમોરલા નાચી ઉઠ્યા હતા.

શ્રી કૃષ્ણપ્રણામી ધર્મની સ્થાપના જામનગરમાં થઈ હોવાથી, ગુજરાતન પ્રણામીઓ નેપાળનાં પ્રણામી મંદિરોમાં ખૂબજ આદર પામે છે. ગોઠાટારના પ્રણામી મંદિરમાં તા. ૨૧-૫-૯૯ના રોજ નેપાલી સુંદરસાથ સમક્ષ સવિતાગૌરીએ મધુરકંઠે પર તોલે ન આવે રોકને' ભજનનું ગાન ક્યું. અને મેં "શ્રી કૃષ્ણનામ મહિમા" વિષય પર સરળ હિન્દીમાં પ્રવચન આપ્યું. તે પછી તા. ૨૪-૫-૯૯ના રોજ અમે શ્રી દિવાકરજી સંજેલને ઘેર સવારનું દૂધ-નાસ્તો પતાવીને ઇંટાહરિ તરફ જવા રવાના થયાં.

ઇંટાદરિ, દક્ષિણ નેપાળના તરાઈ વિસ્તારમાં આવેલું સુંદર નગર છે. મેચી નદિના કિનારે કિનારે વહેતા નેપાલના ધોરીમાર્ગ પર અમારી ગાડી સડસડાટ દોડતી હતી. આ માર્ગ તરાઈનાં જંગલોમાં થઈને પસાર થતો હોવાથી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીંનાં જંગલોમાં વસતાં પ્રાણીઓનાં પણ અમને દર્શન થતાં હતાં. નેપાળનાં જંગલોમાં હાથી, વાઘ, ચિત્તા, ગેંડા, જંગલી સુવર, હરણ વગેરે પ્રાણીઓ વસે છે. તેથી અમને જંગલમાં ફરતો મદમસ્ત હાથી જોવાનો લહાવો મળ્યો, જે અમારા પ્રવાસનું એક સંભારણું બની ગયો.

કાઠમંડુના પહાડી વિસ્તારને પસાર કરીને અમારી ગાડી સપાટ મેદાનોમાં આવી પહોંચી. અહીંની સપાટ ભૂમિમાં ખેતી થાય છે. નેપાળ ખેતી પ્રધાન દેશ હોવાથી અહીંના ૯૦% લોકો ખેતી પર નિર્ભર છે. પરંતુ પહાડી વિસ્તારને લીધે, નેપાલની ૪૦% ભૂમિ હિમાચ્છાહિત રહેતી હોવાથી પડતર રહે છે. ૩૧.૮% વિસ્તારમાં જંગલો આવેલાં છે અને ૧૪.૨% ભૂમિ ગોચર માટે રાખવામાં આવે છે. તેથી બાકી રહેતી માત્ર ૧૪.૧% જમીન પર જ ખેતી થાય છે. નેપાલનાં પગથિયાકાર ખેતરોમાં અને સપાટ જમીનનાં ખેતરોમાં મુખ્યત્વે ડાંગર, મકાઇ, શેરડી, શણ થાય છે. કાઠમંડુ અને પોખરાખીણમાં બટાટા, તેલીબિયાં, શેરડી, ઘઉં, જવ, ચા, ફળફળાદિ વગેરેથી ખેતી થાય છે. સિંચાઇ યોજનાનો વિકાસ હજુ જોઇએ તેટલો થયો નથી તેથી અહીંની ખેતી કુદરત પર જ આધારિત છે. અહીંનાં તળાવો, નદીઓ અને ડાંગરનાં ખેતરોમાં મચ્છીનો ઉછેર થાય છે. અહીંનાં તળાવો, નદીઓ અને ડાંગરનાં ખેતરોમાં મચ્છીનો ઉછેર થાય છે. અહીંના લોકો મુખ્યત્વે ચોખા ખાય છે, સામાજિક કે ધાર્મિક બાધ નડતો ન હોવાથી અહીંના ખોરાકમાં મચ્છી પણ છૂટથી વપરાય છે.

ખેતી સાથે સ્વાભાવિક રીતે સંકળાયેલો પશુપાલનનો વ્યવસાય પણ અહીં ઠીક ઠીક વિકસ્યો છે. ગાય, બળદ, ભેંસ, ઘેટાં, બકરાં, યાક, ખચ્ચર, ડુક્કર વગેરે પશુઓનું પાલન થાય ચે. ઊનની ઉપલબ્ધિને કારણે અહીં ગૂંથણકલાનો હસ્તઉધોગ પણ ઠીક ઠીક વિકસ્યો છે.

અહીં મુખ્યત્વે બે જ ઋતુઓ જોવા મળે છે. એપ્રિલથી સપ્ટેમ્બર સુધી ઊનાળો અને ઓક્ટોબરથી માર્ચ સુધી શિયાળો. સામાન્ય રીતે જૂનથી સપ્ટેમ્બર સુધી અહીં વરસાદ પડે છે. એ ઉપરાંત પહાડી વિસ્તાર અને વનસ્પતિની વિપુલતાને લીધે વરસાદનાં ઝાપરાં તો અવારનવાર પડતાં જ રહે છે. તેથી ખેતી માટે પુરતું પાણી સરળતાથી મળી રહે છે.

મેચી નદીને કિનારે કિનારે પસાર થતા રસ્તાની બન્ને બાજુ મકાઇનાં ખેતરો હિલોળા લેતાં હતાં, મકાઇના મહોલ સાથે મસ્તી કરતી કરતી અમારી ગાડી તા. ૨૨-૫-૯૯ની રાત્રે ૯ વાગ્યે ઇટાદરિના પ્રસિદ્ધ મુક્તિધામ, શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરે પહોંચી ત્યારે એ ગુરૂકુળના છાત્રો નેપાલી ભાષામાં સાંસ્કૃતિક કાર્યક્રમ માણી રહ્યા હતા.

નેપાલી ભાષા એ અહીંની વહીવટી ભાષા છે. સંસ્કૃતમાંથી તે ઉતરી આવેલી છે. દેવનગરી લિપિ ધરાવતી નેપાલી ભાષા સરળતાથી સમજી શકાય તેવી સરળ છે. નેપાળમાં એ ઉપરાંત, મૈથિલી, અવધી, ભોજપુરી, માગદી, વગેરે ભારતીય ભાષાઓ પણ બોલાય છે. જ્યારે ઉત્તર-પૂર્વ નેપાળમાં તિબેટી અને ચીનની અસરવાળી માગર, ગુરુંગ, રાઇ, લીમ્બુ, સનવાર, તામંગ, નેવારી, વગેરે ભાષાઓઅને શેરપા, થકાલી, ભોટ વગેરે બોલીઓ પ્રચલિત છે. કાઠમંડુમાં નેવાર લોકોની વધુ વસ્તી હોવાથી 'નેવારી' ભાષા વધુ પ્રચલિત છે. અહીં નેવારી, નેપાલી, અને મૈથિલી ભાષામાં સાહિત્યનો સારો વિકાસ થયેલો છે. ઇટાદરિ ગુરુકુળના છાત્રો નેપાલી, નેવારી અને મૈથિલી ભાષામાં તથા શેરપા અને થકાલી બોલીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતા હતા. તેથી તે ભાષા-બોલીઓ જાણવાનો અને માણવાનો લ્હાવો મળ્યો. તેમની વચ્ચે પાંચ વર્ષના નાનકડા બિટુએ તેની કાલીઘેલી ગુજરાતી ભાષામાં "પાંચ-પચીસના ઝઘડામાં" ભજન રજૂ કરીને મનોરંજન પૂરૂં પાડ્યું હતું. પોખરા અને કાઠમંડુનાં પ્રણામી મંદિરોની જેમ અહીંના પ્રણામી ધર્મની તાલીમ લેતા તાલીમાર્થીઓ સમક્ષ 'પ્રણામી ધર્મનો ઉદ્‌ભવ અને વિકાસ' વિષમ પર મારું પ્રવચન ગોઠવાયું હતું. તે સાંભળ્યાનો આનંદ વ્યક્ત કર્યા બાદ મહારાજ શ્રી ટાકાપ્રસાદ મહારાજે અમને તા. ૨૩-૫-૯૯ની સવારે વિદાય આપી ત્યારે તાલીમાર્થીઓના વદન પર પ્રવચન સાંભળ્યાનો આનંદ વંચાતો હતો.

તા. ૨૩-૫-૯૯ના રોજ ઇટાદરિથી અમારી ગાડી મેચી નદીને કિનારે કિનારે દોડતા રસ્તા પરથી પસાર થતી થતી, નેપાળની દક્ષિણે ભારત અને નેપાલની સરહદ પર આવેલી કકડબીડા સીમાને પસાર કરીને પશ્ચિમ બંગાળના રળિયામણા નગર શિલીગુડીમાં આવી પહોંચી. આમ અમે પ્રાકૃતિક ધામ નેપાળની ગોદમા એક અઠવાડિયું પસાર કર્યું અમારો અઠવાડિકયાનો એ નેપાલ પ્રવાસ અમારા જીવનનું અણમોલ સંભારણું બની ગયો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકજીવનમાં મેળાનું મહત્વ

ડૉ. રશ્મિ હર્ષદરાય ઓઝા*

ભારતીય લોકપરંપરામાં, ભારતના ભાતીગળ લોકજીવનમાં મેળા માનવમનનું પ્રતિબિંબ ઝીલે છે. મેળો લોકજીવનનું એક અગત્યનું અંગ છે, જીવનમાં ઉત્સવ - આનંદ છલકાવનારી એક વિશિષ્ટ લોકપ્રવૃત્તિ છે. મેળાનું મહત્વ કાશ્મીરથી કન્યાકુમારી અને ડિબ્રુગઢથી દ્વારકા સુધી સમગ્ર ભારતમાં એકસરખું જ છે, પરંતુ ગુજરાતના લોકમેળાઓ તેની વિશિષ્ટ લોકસંસ્કૃતિને કારણે નોખા તરી આવે છે. આ મેળાઓ ગુજરાતના ધબકતા લોકજીવનની પ્રતીતિ કરાવે છે.

મેળો એટલે 'હળવું-મળવું.' પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલા સ્થળે અને સમયે મળવું એટલે 'મેળો.' મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે. 'મેળો' શબ્દ કદાચ મોડેથી પ્રચલિત થયો હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અસંખ્ય પુરાવા પ્રાચીનગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દરેક મેળાની સાથે તેના માહાત્મય અને એ સ્થળની પ્રાચીનતાનો ઇતિહાસ સંકળાયેલો જોવા મળે છે.

માનવી સમૂહમાં હળે મળે તે સમુદાયને સંસ્કૃતમાં 'મેલએ' કે 'મેલક' કહેવાય છે. અમરકોષ 'मेलके संग संगमो ।' એવી વ્યાખ્યા કરે છે. મેળામાં ભેગા થયેલા સમૂહનો પરસ્પર સંગ થતાં તેમનો સંગમ થાય. ભાષામાં 'મેલક' શબ્દ પરથી 'મેળો' શબ્દ આવ્યો હોય તેવી સંભાવના છે. તેની વ્યુત્પત્તિ मेलए, मलो, मेलो । એ રીતે થઈ શકે. આચાર્ય શ્રી હેમચંદ્રના 'દેશીનામમાલા'માં 'बन्धल्लो मेलयए' ની વૃત્તિમાં 'बन्धल्लो मेलक' એમ સમજાવાયું છે. આ ઉપરાંત संहति સાથે મળવું એ અર્થમાં मेण्डी, मेण्ढी અને मेली એવા ત્રણ પર્યાયો આપ્યા છે. સંભવ છે કે ગુજરાતી 'મેળો' શબ્દ मेलक-मेली ઉપરથી ઊતરી આવ્યો હોય. મેળા માટેનો અંગ્રેજી શબ્દ 'Fair' લેટિન શબ્દ 'ફોઅર' (Foire) પરથી બન્યો છે.

પ્રાચીન ભારતમાં નદી, પર્વત, સંગમતીર્થોની યાત્રા કે મહ(ઉત્સવ) ભરાતા એ ધાર્મિક મેળા હતા, એ મૂળે યજ્ઞ અને ઉત્સવનો પ્રકાર હતો. આવા ધાર્મિક ઉત્સવમાં-મહમાં સહુ જાય તેથી તે यात्रा, जात्रा, जत्ता પણ કહેવાતા. સામાજિક, ધાર્મિક મેળાના અર્થમાં मह શબ્દ મહાભારત અને હરિવંશમાં અનેક સ્થળે મળે છે. પ્રાચીન ભારતમાં રાજા વ્યવસ્થિત રીતે 'મેળો' સંમેલન યોજે ત્યારે તે 'સમાજ' કહેવાતો. 'સમાજ' ક્યારેક સામાજિક કે ધાર્મિક પણ હતા. મૌર્યસમ્રાટ અશોકના ગિરિનગરના લેખમાં 'સમાજ' શબ્દનો ઉલ્લેખ છે. પ્રાચીન ભારતમાં વિવિધ પ્રયોજનો પ્રમાણે માનવ સમૂહો ભેગા થતા ત્યારે તેમને માટે સમાજ, ગોષ્ઠી, ક્રીડા, ઉત્સવ, યાત્રા વગેરે શબ્દો વપરાયા છે જેનો અર્થ 'મેળા'ને મળતો આવે છે.

પ્રાચીન સમયમાં આજની જેમ મનોરંજનનાં વિપુલ સાધનો નહોતાં ત્યારે લોકો ખેતી, ધંધો કે મજૂરીના એકધારા પરિશ્રમથી કંટાળી જતા. આ કંટાળો દૂર કરવા અને આનંદ મેળવવા મેળો એકમાત્ર સાધન બની રહેતો. વળી, પ્રાચીનકાળમાં પર્વતીય પ્રદેશોમાં વાહનવ્યવહાર ન હતો. આદિવાસી વિસ્તારોમાં જીવનજરૂરિયાતની ચીજો મેળવવાનું મુશ્કેલ હતું. આર્થિક સ્થિતિને કારણે વધુ વસ્તુઓ ખરીદવાનું કઠિન હોવાથી આદિવાસીઓએ જીવનજરૂરિયાતની ચીજો ખરીદવા માટે અઠવાડિક મેળાઓનું આયોજન ગોઠવ્યું. સમય જતાં મેળાનું રૂપ અને પ્રવૃત્તિઓ બદલાયાં. મેળાએ માનવીને આનંદની સાથે ખરીદીની અમોલી તક પૂરી પાડી. માનવી સંસારની સુખદુ:ખની ઘટમાળમાંથી રાહત મેળવવા ઈશ્વરનો આશરો લે છે. દેવમંદિરોના સ્થળે ભરાતા મેળાઓ માનવીને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરાવે છે. મેળો માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી એના જીવનને ભર્યુંભાદર્યું બનાવે છે.

★ ભારતીય સંસ્કૃતિ વિભાગ, એચ.કે.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય રીતે મેળાઓ ડુંગર, નદી, સમુદ્ર, જળાશય, કુંડો ઉપરાંત ગામની કે ગામ બહાર આવેલાં મંદિરોના સ્થળે વારંતહેવારે ભરાય છે. જૂનાગઢમાં શિવરાત્રિએ યોજાતો ભવનાથનો મેળો, પોરબંદર પાસે આવેલા માધવપુરનો મેળો, સુરેન્દ્રનગર જિલ્લોમાં આવેલા થાન પાસેનો તરણેતરનો મેળો, વડોદરા જિલ્લામાં પાવાગઢનો મેળો, નર્મદાકાંઠે યોજાતો શુક્લતીર્થનો મેળો, સાત નદીઓના સંગમ તટે યોજાતો વૌઠાનો મેળો વગેરે મેળાઓ ગુજરાતમાં ખૂબ જાણીતા છે. આ મેળાઓમાં ગુજરાતના લોકજીવનની તાસીર પ્રગટ થાય છે. આ મેળાઓ દેવદેવીઓ, મહંતો અને પીરની યાદમાં કે સ્મૃતિમાં સામાન્ય રીતે યોજવામાં આવે છે. વર્ષ દરમિયાન અસંખ્ય મેળાઓ યોજાય છે પણ એક મેળો વર્ષમાં એક જ વાર યોજાય છે. સ્થાનિક મેળાઓ એક દિવસ માટે જ ભરાય છે. કેટલાક મેળાઓ બેથી પાંચ દિવસ માટે ભરાય છે. ભવનાથનો મેળો, તરણેતરનો મેળો, માધવપુરનો મેળો પાંચ-પાંચ દિવસ ચાલે છે. કેટલાક મેળાઓ આખું અઠવાડિયું ચાલે છે. અપવાદરૂપે કેટલાક મેળા દર ત્રણ, સાત, બાર કે અઢાર વર્ષે યોજાય છે. આવા મેળામાં કુંભમેળો અને ભરૂચ જિલ્લાના ભાડભૂતમાં દર અઢાર વર્ષે યોજાતો મેળો વગેરે ગણાવી શકાય.

'મેળા'ને લોકોત્સવ તરીકે ગણાવી શકાય. આ લોકોત્સવમાં ભરવાડ, રબારી, કોળી, સતવારા, ખાંટ, કાઠી, કણબી, હરિજન, મુસ્લિમ એવા તમામ ધર્મ, વર્ણ સંપ્રદાયનાં લોકો વિવિધરંગી વસ્ત્રો, અલંકારોથી સજ્જ થઈને (મેળામાં) મહાલે છે. મેળો આવતાં જ ગામડાંના માનવીઓ મેળો માણવા ગાંડાતૂર બની જાય છે. દૂર દૂરનાં ગામડાં, નેસ, ટીંબામાંથી લોકો ગાડાં, પાડા, ઘોડાને ઊંટ પર બેસીને કે પગપાળા ચાલતાં મેળો માણવા ઊમટી પડે છે. યુવાનો પાવા વગાડી, યુવતીઓ ગીતો ગાઇને મેળાના વાતાવરણને ઉલ્લાસભર્યું બનાવે છે. જૂનાગઢનો ભવનાથનો મેળો એટલે સંતો, મહંતો, જોગી અને જતિનો મેળો, માધવપુરનો મેળો એટલે રૂપ, જોબન અને ખુમારીનો મેળો અને તરણેતરનો મેળો એટલે યુવાની, આનંદ, મસ્તી અને કલાનો અદ્ભૂત સંગમ. તરણેતરના મેળામાં ભરત અને આભલાથી ભરેલી, રેશમી, રૂમાલ લટકાવેલી બબ્બે છત્રીઓને લઇને ઘૂમતા યુવાનને જોઇ મેળામાં યૌવન હિલોળે ચઢતું લાગે છે. આ મેળામાં રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલાય છે. ટીટોડો અને હુડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે. છોગાળી પાઘડી, ઠુમકાદાર કેડિયું, ફૂમકાદાર ચોરણી, ગળામાં રંગીન રૂમાલ, આંખમાં સુરમાનું આંજણ, મૂછોના અણિયાળા આંકડા, હોઠ પર સ્મિતનો ઘુઘવાટ ધરાવતા યુવાનો દરેક મેળામાં અચૂક જોવા મળે. તો બીજી બાજુ કાજળઘેરી આંખો પર લાલ ચમકતો ચાંદલો, સેંથામાં સિંદૂર, માથા પર ચૂંદડી, પાતળી કેડ પર પર બત્રીસ હાથનો ઘેરદાર ઘાઘરો અને પગમાં રણકતા ઝાંઝર સાથે સરખી સહેલીઓને લઇને મેળો માણવા નીકળી પડતી યુવતીઓની અદા પણ અનેરી હોય છે. સુંદર રંગબેરંગી વસ્ત્રો અને આભૂષણો ગ્રામીણ નર-નારીને ઓજસ્વી અને તેજસ્વી બનાવે છે. હાથે-પગે સુંદર છૂંદણાં છૂંદાવેલી યુવતીઓ લોકગીતોની રમઝટ બોલાવે છે. માધવપુર અને ભવનાથના મેળામાં રાસ, ગરબા, ભજન અને કીર્તનની ઝૂક બોલે છે. જુદી જુદી ભજનમંડળીઓ ભક્તિરસમાં તરબોળ બની પરમ આનંદની પ્રાપ્તિ કરે છે. મેળામાં સાધુસંતોનો સમાગમ થાય છે તો યુવાન પ્રેમીઓના મિલન પણ થાય છે. સગપણના નાતે જોડાયેલ યુવાન-યુવતીઓ મેળામાં મળી જાય ત્યારે એમનાં આનંદની અવધિ રહેતી નથી. રસિયા જીવો પોતાના પ્રેમી કે પ્રેમિકા માટે ભેટસોગાદો ખરીદે છે. જાદુગરો ખેલ કરે, વાદી નાગને રમાડે, મદારી માંકડાને નચાવે, રંગબેરંગી ફુગ્ગાઓ, પિપુડાં, રમકડાં વગેરે નાનાં બાળકો માટે મેળાનાં આકર્ષણો છે. લોકો ખાય છે, પીએ છે અને આનંદની મસ્તી લૂંટતાં મેળામાં ફરે છે. આ રીતે મેળો લોકજીવનને આનંદથી ભરપૂર બનાવે છે. આ રીતે મેળો લોકજીવનને આનંદથી ભરપૂર બનાવે છે. સાધકોને આધ્યાત્મિક આનંદ આપે છે જ્યારે સંસારીઓ અને ગૃહસ્થોને સૌંદર્યની અનુભૂતિ કરાવી લૌકિક સુખ આપે છે.

આમ, આપણે કહી શકીએ કે મૂળ ધાર્મિક હેતુ સાથે અને નિમિત્તે 'મેળા'ની સંસ્થા ઉદ્ભવી અને સમય જતાં વિકસી. પરંતુ એમાં ખાન-પાન, મનોરંજન અને સમુદાય મિલનનાં પ્રયોજનો કાળક્રમે સિદ્ધ થતાં જતાં મેળાનો પ્રચાર વધારવામાં તેઓ કારણભૂત બન્યા છે. હવે ધાર્મિક નિમિત્તો માત્ર નામનાં રહ્યાં છે. મનોરંજનનાં તત્વોને કારણે મેળાઓ આજ પણ સર્વત્ર ચાલુ રહ્યા છે. એકલા ગુજરાતમાં દર વર્ષે લગભગ ૩૭૮૬ જેટલા વિવિધ કોમ અને વિવિધ સંપ્રદાયોના મેળાઓ ભરાય છે. હવે આજના જમાનામાં ગાંધીમેળા, સર્વોદયમેળાઓ, ઔદ્યોગિક



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેળાઓ, કૃષિમેળાઓ, વિજ્ઞાનમેળાઓ વગેરે વિવિધ વિષયોને લગતા મેળાઓનું આયોજન કરવામાં આવે છે. માનવેતર મેળાઓ ઉપરાંત પશુઓના મેળાઓ પણ યોજવામાં આવે છે. વૌઠાનો મેળો ગધેડાના વેચાણ માટે ખૂબ જાણીતો છે. આ ઉપરાંત ધરણીધર અને ઢીમાના મેળાઓ જાનવરોના વેચાણ માટે અત્યંત જાણીતા છે.

લોકમેળાઓ લોકજીવનના ઉલ્લાસનું મોંઘેરું પર્વ જ નહીં પણ લોકસંસ્કૃતિનું સંગમસ્થળ પણ છે. જે તે પ્રદેશમાં વસતી વિવિધ જાતિઓ કોઈ પણ જાતના ભેદભાવ વિના મેળામાં ભેગી થાય છે, ત્યાં લોકજીવનનો સંસ્કાર વિનિમય થાય છે. મેળામાં વિવિધ જાતિઓનાં વસ્ત્રાભૂષણો, નૃત્યો, વાદ્યો, લોકગીતો, લોકબોલીઓ, હથિયારો, રીતરિવાજો, એમનાં દેવદેવીઓ અને ધાર્મિક માન્યતાઓ વગેરે વિશે જાણવા મળે છે. મેળામાં લોકજીવનની કળાઓ પણ જોવા મળે છે. આથી લોકસંસ્કૃતિના અભ્યાસ માટે મેળાઓ અત્યંત ઉપયોગી છે. હવે તો આ લોકમેળાઓમાં ઊતરી આવતા શહેરી પ્રવાસીઓ અને તેમની સાથે આવતાં શહેરી વેપાર, આનંદ-પ્રમોદનાં સાધનો વગેરેને કારણે મેળાનો મૂળ રંગ નાશ પામતો જાય છે. તેમનું કહેવાતું આધુનિકીકરણ થઈ રહ્યું છે. તેમ છતાં હજી લોકજીવનનો ઉમંગ-ઉછાળ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતા અને સ્વાભાવિક આનંદ ઘણે અંશે બચ્યાં છે.

આ રીતે મેળો એ ભક્તિ, શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણીસંગમ છે, લોક-ઊર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે. મેળો માનવીના થાકેલા મનને તાજગી બક્ષે છે તેથી જ લોકજીવનમાં મેળાઓ આજે ય એટલા જ મહત્વના છે.

## સંદર્ભ ગ્રંથો

(૧) 'ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ' - શ્રી જોરાવરસિંહ જાદવ

(૨) 'ગુજરાતના ઉત્સવો અને મેળાઓ' - ડૉ. મૃદુલા એચ. મહેતા

(૩) 'ગુજરાતની અસ્મિતા' - શ્રી રજની વ્યાસ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૧૯૪૨ની ચળવળ અને 'રેડિયોબેન' ઉષામહેતા

– અતુલ બગડ

**૮મી ઓગષ્ટ, ૧૯૪૨નો** એ દિવસ ભારતની આઝાદીનાં ઈતિહાસમાં આગવું સ્થાન ધરાવે છે. આ દિ એક આખરી ક્રાંતિનું મંગલાચરણ થયું. દેશમાં આઝાદીની ભાવના હિલ્લોળે ચઢી હતી. દેશ માટે ખપી જવા નવ હિયાંઓ ઉત્કંઠિત થઈ ગયા. પ્રચંડ વાવાઝોડું, ઉથલ પાથલ, સંઘર્ષ અને બલિદાનોની પરંપરા શરૂ થઈ પ્રજાનો પ્ર જાગી ઉઠ્યો હતો. ચોમેરથી એક જ અવાજ આવતો હતો. અમને કશુ નાં ખર્ચ ખપે એકમાત્ર...એકમાત્ર આઝાદ

ગામે-ગામ ક્રાંતિકારી સંગઠનો રચાયાં કિશોરો, યુવાનો, પ્રૌઢો, વૃદ્ધો અને યુવતીઓ ...આ સૌ કો આઝાદીનાં સમરાંગણનાં વીર સૈનિકો હતા. એમનું આત્મબળ તો જુઓ ! સૌ કોઈની એક જ ભાવના હતી.

"સિંહને શસ્ત્ર શા કામના ?
વીરને મૃત્યુ શા કામના ?"

૧૯૪૨ની એ અગસ્ત ક્રાંતિ સ્વયંભૂ પ્રજાનિર્મિતક્રાંતિ હતી. સમગ્ર દેશની પ્રજાનું એ ચાલક બળ હતી

સભાઓ ભરાઈ, સરઘસો નીકળ્યા, હડતાલો પડી સરકારી કચેરીઓને આગ ચંપાઇ, રેલ્વેનાં પા ઉખેડાયા પૂલો તોડી પડાયા. બોમ્બ ફેંકાયા, પોલીસથાણા કબજે લેવાયાં, સંદેશા વ્યવહાર ખોરવી દેવાયો, આવું ઘ બધુ આ ક્રાંતિએ જોયુ હતું.

આ ક્રાંતિને ચગદી નાખવા અંગ્રેજ સરકારે દમનનો કોરડો વિંઝ્યો અને...

- હજારોનાં લીલા માંથા વધેરાયાં.
-કંઈકને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા
-કંઈકના હાથ-પગ તૂટ્યા, માથા રંગાયા,
-સ્ત્રીઓ પરના અત્યાચાર ની વાત જ ન પૂછો

છતાં આ તો લોકક્રાંતિ હતી. સ્વતંત્રતા માટેની ક્રાંતિ હતી. સમર્પણ આજે બલિદાનની ક્રાંતિ હતી. સૌ કોઈ મોતને મંગલટાણું ગણતા હતા.

આ ક્રાંતિ નાં ઉત્થાનનું કારણ જોઇએ તો...

ઈ.સ. ૧૯૩૯માં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું. ભારતની ચૂંટાયેલી પ્રાંતિક ધારા સભાઓના સંમતિ વિન વાઇસરોયે ભારતને યુદ્ધમાં જોતરી દીધું. ભારતને સ્વતંત્રતા આપવામાં આવે તો જ અંગ્રેજોને મદદ કરવી એવો કોંગ્રેસનો દઢ નિર્ધાર હતો. બીજી તરફ રાષ્ટ્રવાદી ચીનના નેતા અને અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ પણ ઇંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચિલ પર ભારતને સ્વતંત્રતા આપવા અને દબાણ કરી રહ્યા હતા.

જ્યારે કોઈ વિકલ્પ ન બચ્યો ત્યારે ચર્ચિલે બ્રિટિશ પ્રધાન મંડળનાં એક સભ્ય સ્ટેફર્ડ ક્રિપ્સ જે અધ્યક્ષપદે એક મિશનની રચના કરી. ૨૬ મી માર્ચ '૪૨ના દિવસે આ મિશન દિલ્હી આવી પહોચ્યું. ગાંધીજીને આશા બંધાઇ હતી. પણ અંગ્રેજો કુટિલ નીતિવાળા હતા. ભારતને આઝાદી આપવાની એમની દાનત હતી જ નહીં. આમેય ક્રિપ્સ કશું જ આપવાં માગતા ન હતા. તેમને તો સામ્રાજ્ય વધારવાની ચિન્તા હતી. ગાંધીજીથી આ અન્યાય સહન થયો નહીં. અને તેમને ઘણુ આત્મમંથન કર્યું તેના પરિપાક રૂપે "અંગ્રેજો ભારત છોડો"નો પ્રસ્તાવ તૈયાર કર્યો.

***૮મી ઓગષ્ટ ૪૨***

મુંબઇનાં "ગોવાલિયા ટેન્ક"ના મેદાનમાં કોન્ગ્રેસ મહાસમિતિનું અધિવેશન મળ્યું. આ અધિવેશન માં ગુલામીની જંજીરોને ઓગાળી નાખે એવા ધગધગતા ભાષણો થયા. સ્વતંત્રતા માટે માથું દેવાના શપથ લેવામાં આવ્યા. જ્યાં સુધી આઝાદી મળે નહીં ત્યાં સુધી લડી લેવાના દઢ સંકલ્પ સાથે "અંગ્રેજો ભારત છોડો"નો ઠરાવ પસાર

★ ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં આવ્યો. તાળીઓના બુલંદનાદ વચ્ચે મહાત્માજી એ કહ્યુ કે,-

"સત્યાગ્રહ નો માર્ગ સીધો છે. એમા દગા, ફટકા કે જૂઠાણા ને સ્થાન નથી. આ દુનિયામાં દગો અને જુઠ ચાલી રહ્યા છે એનાથી ગરીબ પ્રજા ગુંગળાઇ રહી છે. હું એનો મુંગો લાચાર સાક્ષી થઈને કેમ બેસી રહું ?"

એમની આખોમાં ગાંધીજી એ વિશ્વાસ જોયો હતો અને એ વિશ્વાસની તાકાતે આટલી મોટી સલ્તનતનો તેઓ મુકાબલો કરવા માટે તૈયાર થયા હતા. ગુલામ જે ક્ષણે વિચારે કે આ જંજીર તેના માટે નથી તે પળે જ તે બેડી તૂટી સમજાવી. ગાધીજી એ કહ્યું કે "જો અંગ્રેજ સલ્તનતને સાથ નહીં આપવાનો એક સાથે..એક અવાજે નિશ્ચય કરે તો ફક્ત અડતાલીસ કલાકમાં તેમનું આખુ તંત્ર ઠપ્પ થઈ જાય. અને લોકોએ આ વાત યાદ રાખવાની છે કે, અહિંસા આ લડતનો પાયો છે. અને જે કોઈ હિન્દની મુક્તિ માટે ઝંખે છે...મથે છે તેણે પોતે જ પોતાના સહબર બનવાનું છે. અને બધા જ માની લો કે આ ઘડીથી આપણે આઝાદ છીએ. અને આઝાદી બીજું કશું ખપે નહીં. અને દરેક ભાઈ-બહેન એક વાત સત્ય ની જેમ સ્વીકારી લે કે હું જે સવાર-સાંજ ખાઉં છું તે આઝાદી માટે જીવું છું તે આઝાદી માટે અને અંતમાં ગાંધીજીએ કહ્યું કે સૂત્રોથી ગગન ગાજવાં લાગ્યું.

આ સાથેજ બ્રિટિશ સરકારે ઝડપથી પગલા ભરી મુંબઇના કોંગ્રેસભવનને કબજે કરી લીધું ૯મી ઓગષ્ટની પરોઢે મહાત્માજી, કસ્તૂરબા, મહાદેવભાઈ દેસાઇ અને સોરોજિની નાયડુની ધરપકડ કરીને આગાખાનમહેલમાં મોકલી દેવામાં આવ્યાં. જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ મૌલાના આઝાદ વગેરે નેતાઓની ઘડપકડ કરીને અહમદનગરના કિલ્લામાં મોકલી દેવામાં આવ્યા. આમ, કોંગ્રેસ કારોબારીના તમામ સભ્યોને પકડી લેવામાં આવ્યા અને આંદોલન ને દોરનાર કોઈ જવાબદાર નેતા રહ્યો નહીં. આ ઉપરાંત, આ આંદોલનને કંઇ રીતે આગળ વધારવું તેનો કાંઇ જ કાર્યક્રમ લોકો પાસે હતો નહીં. આથી લોકો પોતાના ખુદ નેતા બનીને મનમાં આવે તેવું કાર્ય કરવું. અને નેતાવિહોણી પ્રજાએ આંદોલનનો દોર પોતાના હાથમાં લઇ ક્રાંતિની મશાલ જલતી રાખી.

આગળનાં આંદોલનો કરતા આ આંદોલનો ભિન્ન પ્રકારનું હતું. ક્રાંતિનો પ્રારંભ મુંબઇથી થયો હતો. કોંગ્રેસ અધિવેશનમાં જણાવ્યા પ્રમાણે ૯મી ઓગષ્ટે ગોવાલિયા ટેંકના મેદાનમાં પ્રાંતઃકાળે રાષ્ટ્રિય ધ્વજને સલામી દેવામાં આવશે. જનતા એકત્ર થઈ. પોલિસે મેદાનનો કબજો લઇ જનતાને વિખેરવા લાઠીચાર્જ અને અશ્રુવાયુ નો ઉપયોગ કરવામાં આવ્યો. સમારોહની સંચાલિકા અરૂણા અસફલી અને શ્રીમતી મૃદુલા સારાભાઈ લાઠીથી ઘાયલ થયા. આ સમાચારથી બજારો અને કારખાનાઓ બંધ થઈ ગયાં. કોઈ-કોઈ જગ્યાએ આગ ચાંપવામાં આવી. જનતાએ તાર-ટેલિફોનનાં દોરડા કાપી નાખ્યાં સવારના ૧૦ વાગતા મુંબઇ આખું ખુલ્લા વિદ્રોહનો અખાડો બની ગયુ. પોલિસ ગોળીબાર પર આવી ગઇ. પ્રાર્થનાસમાજ ભવન સામે પહેલું બલિદાન મા-ભોમ કાજે દેવાયું. ત્યારબાદ અનેક શહિદો થયા. ડૉ. જીવરાજમહેતાએ એક બયાનમાં કહ્યુ છે કે "એક નાજુક બાળક ભીડથી દૂર ઊભું રહીને 'મહાત્મા ગાંધી કી જય' બોલાવતું હતું પણ પોલિસે ગોળીએ વીંધી નાખ્યું. લોકોને ઘરમાંથી બહાર ઘસડી કાઢીને તેમની પર અત્યાચાર ગુજારવામાં આવતો. મુંબઇના આ ઘટનાચક્રોની અસર અન્ય નગરો પર પણ પડી. ભારતનાં એક છેડાથી બીજા છેડા સુધી વિદ્રોહી વાતાવરણ શરૂ થયું.

ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યભારતમાં ક્રાંતિ ફેલાઇ ચૂકી હતી. બંગાળ, જેનું બીજું નામ ક્રાંતિ ત્યાં ક્રાંતિની શરૂઆત થાય એ પહેલાં જ ૨૦૦૦ ક્રાંતિકારીઓને પકડી લેવામાં આવ્યા. સુભાષચંન્દ્ર બોઝ આ ક્રાંતિનાં મુખ્ય સુત્રધાર હતા. આસામમાં ગુવાહાટી સુધી ક્રાંતિની જ્વાળા પહોંચી ગઈ હતી. આસામની બહાદુર કન્યાઓ રત્ના અને કનકલતા તેમણે હાથમાં રાષ્ટ્રધ્વજ લઇને સરઘસની મોખરે રહી છાતીમાં ગોળીઓ ઝીલી હતી. આ પછી ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, પંજાબ અને ગાંધીજીની જન્મભૂમિ અને કર્મભૂમિ ગુજરાત આમાંથી કેમ બાકાત રહી શકે ?

ગુજરાતમાં ૯મી ઓગષ્ટની વહેલી સવારે સુરતમાંથી - ડૉ. ઘીયા, ધીરૂભાઈ મારફતિયા. અમદાવાદ માંથી શ્રી ગણેશ વાસુદેવ માવલંકર, ભોગીલાલ, અર્જુનલાલા, જયંતી દલાલ, નીરૂભાઈ દેસાઇ, જીવનલાલ દિવાન, વડોદરા માંથી છોટુભાઈ સુતરિયા, પ્રાણલાલ મુનશી, ચુનીલાલ શાહ અને સૌરાષ્ટ્રમાંથી - દિનકરરાવ દેસાઇ, વામનરાવ મુકાદમ, બળવંતરાય મહેતા વગેરે મહત્ત્વનાં નેતાઓની ધરપકડ કરવામાં આવી. ૯મી થી અમદાવાદની



For Private and Personal Use Only

બધી **મિલો બજારો શાળાઓ અને કોલેજો**માં હડતાળો પડી. અમદાવાદના ૮૦ હજાર વિદ્યાર્થીઓએ ૨૫૦ દિવસ લાંબી **અભૂત પૂર્વ** હડતાલ **પાડી. બધા** મોટા બજારો સાડાત્રણ મહિના સુધી બંધ રહ્યાં. અમદાવાદની ૭૫ કાપડની મિલો**ના ૧, ૪૦, ૦૦૦ જેટલા** કામદારો એ ૧૦૫ દિવસ લાંબી ઐતિહાસિક હડતાળ પાડી. જે સમગ્રદેશમાં અદ્વિતીય હતી. ગુજરાતમાં અનેક શહેરો અને ગામોમાં હડતાલો પડી. હજારો વિદ્યાર્થીઓએ શાળા-કોલેજો છોડી સભાઓ અને સરઘસોમાં ભાગ લીધો.

***૧૦મી ઓગષ્ટ '૪૨ સોમવારનો દિવસ***

લૉ કોલેજની સામેની બાજુનું મેદાન, ૨૦૦૦ ભાઈઓ અને ૨૦૦ વિદ્યાર્થીનો બહેનોનું સરઘસ નીકળ્યું. મોખરે હાથમાં રાષ્ટ્રધ્વજ અને હૃદયમાં દેશદાજ ભરીને વિનોદ કિનારીવાળા ચાલતો હતો, પોલિસ આવ્યા તેમને અટકાવ્યા લાઠી ચાર્જ થયો, ગોળીબાર થયા, વિનોદ કિનારીવાલા અમર શહિદ બન્યો. આ ઉપરાંત ઉમાકાન્ત કડીયા, સતીક જાની, વસંત રાવળ, ગુણવંત શાહ, નારણ પટેલ, પુષ્પવદન મહેતા, નંદલાલ જોષી, નરહરિ રાવલ, નાનજી પટેલ જેવા નવલોહિયા યુવાનો એ મા ભોમની રક્ષા કાજે જાન ન્યોછાવર કરી દીધા. ગુજરાતમાં અમદાવાદ, કચ્છ, વડોદરા, સૌરાષ્ટ્ર તથા ભરૂચ જીલ્લાનાં ગણદેવી તાલુકાનાં આદિવાસીઓએ પણ તેમના મિજાજનો પરિચય કરાવી દીધો. ગુજરાતનું પ્રત્યેક ગામ ક્રાંતિના રંગમાં રંગાઈ ગયું હતું."

જ્યારે બધા આગેવાન નેતાઓને અંગ્રેજોએ પકડી લીધા, ત્યારે અગસ્ત ૧૯૪૨ના રાજનૈતિક સંઘર્ષને આગળ વધારવાવાળા મહાનુભવોમાં શ્રી અચ્યુત પટ્વર્ધન જયપ્રકાશ નારાયણ, રામમોહન લોહિયા, શ્રીમતી અરૂણા અસફલી અને કુમારી ઉષા મહેતા વગેરે અગ્રગણ્ય રહ્યા હતા. આમ તો દેશનાં દરેક પ્રાન્તના કાર્યકતાઓ અને વિદ્યાર્થીઓએ આંદોલનમાં યોગદાન આપ્યું હતું.

ડૉ. રામસ્વરૂપ લોહિયા ત્રણ યુરોપિયન ભાષાના વિદ્વાન હતા. આંતરરાષ્ટ્રીય નીતિનું તેઓ પૂર્ણ જ્ઞાન ધરાવતા હતા. આંદોલનનો કાર્યવિસ્તાર વધારવા માટે તેમણે "કોંગ્રેસ રેડિયો"નું આયોજન કર્યું. જેનાથી તેઓ સંદેશ આપી ભારતીય પ્રજાને આંદોલન માટે તૈયાર કરતા હતા.

અરૂણા અસફલી અગસ્ત ક્રાંતિનાં સૂત્રધારોમાં મુખ્ય હતા. મુંબઈમાં તેમણે નોકરશાહીના વિરુધ્ધમાં ઝંડો ખડો કર્યો. તેમને ગુન્હેગાર ઘોષિત કરવામાં આવ્યા. તેમની ધડપકડ માટે સી. આઇ. ડી. પોલિસ કરતી. તથા તેમને પકડવા માટે ૫,૦૦૦ રૂ.નું ઇનામ જાહેર થયું હતું. છતાં તે ન પકડાયા. ગાંધીજીએ તેમના વકતવ્યમાં અરૂણા અસફલીને પોતાના લાડલી દીકરી બનાવ્યા. અને તેમની બહાદુરીને પણ શાબાશી આપી હતી.

ઓગસ્ટ આંદોલનમાં ઘણા ભારતીય સપૂતોની લાડલી બેટીઓએ ભાગ લીધો છે તેમાં ઉષા મહેતાનું નામ મહત્ત્વનું છે. ડૉ. લોહિયાના પ્રયત્નથી એક રેડિયોનું આયોજન થયું હતું. તેનું કામ કુમારી ઉષા મહેતા સંભાળી રહ્યા હતા. આથી ડૉ. લોહિયાએ તેમનું રેડિયોબેન એવું લાડલું નામ આપ્યું. ધરપકડ વખતે પણ કુમારી ઉષા મહેતાએ રેડિયો પ્રસારણનું કામ ચાલુ રાખ્યુ હતું. તેમણે પોતાની ધરપકડ થવાની છે એવી ખબર હોવા છતા, પ્રસારણ ચાલુ રાખ્યું હતું.

ઉષાબહેન મહેતાનો જન્મ ૨૦ માર્ચ, ૧૯૨૦ના રોજ સતારામાં થયો હતો. '૪૨ની ભારત છોડો ચળવળ વખતે એમ.એ.ના અભ્યાસને તિલાંજલી આપી આંદોલનમાં ઝૂકાવી દીધું. એમના પિતાજી ૧૯૨૮ની સાલમાં ભરૂચમાં ન્યાયાધીશ હતા. અને તેઓ ત્યાંની મોતલીબાઇ શાળામાં ભણતા હતા. એ સમયે દેશ આખો "સાયમન ગો બેક"ના સૂત્રોથી ગાજતો હતો. ભરૂચમાં ઉષા મહેતાનાં 'ચંદુમામા'એ છોકરાઓની 'વાનર સેના' તૈયાર કરી હતી અને છોકરીઓની 'માંજર સેના' તૈયાર કરી હતી.

એકવાર સરઘસ નિકળ્યું અને લાઠીમારથી ઘણા બેહોશ થઈ ઢળી પડયા અને તિરંગાની શાન સાચવી ન શક્યા. આથી તિરંગા રંગનાં કપડાં, ગણવેશ સિવડાવવામાં આવ્યો અને પછી ફરીથી સરઘસની શરૂઆત કરી. બધી બહેનો જાણે ખુદ તિરંગો હોય અને ભારતની શાન હોય તેવું લાગી રહ્યું હતું.

૧૫મી ઓગષ્ટના શુભ દિને 'કોંગ્રેસ રિડેયા'ની શરૂઆત થઈ. 'વંદેમાતરમ્'ના ગીત અને બીજા નેતાઓનાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષણની રેકોર્ડથી પ્રસારણ શરૂ થયુ. તે પછી આંદોલનનાં જે કોઈ સમાચાર મળતા તે પ્રસારિત કરવા લાગ્યા.

રેડિયાનો એક કાર્યક્રમ ગોઠવાઈ જતો શરૂઆત 'હિન્દોસ્તાં હમારા'ની રેકોર્ડ વગાડીને થતી. ત્યાર પછી ગામે-ગામ થી આવેલા આંદોલનનાં સમાચારો પૂરા પાડવામાં આવતા. એ પછી ડૉ. લોહિયા અચ્યુત પટ્વર્ધન, જયપ્રકાશજી આદિ ભુગર્ભ નેતાઓના સંદેશાઓ કે ભાષણો પ્રસારિત થતા. અને છેવટ 'વંદેમાતરમ્' ની રેકોર્ડ વગાડાતી. જેલમાં મહાદેવભાઈ દેસાઇનાં દેહવિલયના સમાચાર સર્વપ્રથમ કોંગ્રેસ રેડિયો પરથી જ પ્રસારિત કરવામાં આવ્યા હતા. એજ પ્રમાણે મુંબઇ અને જમશેદપુરની મિલો અને કારખાના ઓની હડતાળ અસરો અને ચીમૂરમાં મહિલાઓ પર થયેલા અત્યાચારો વગેરેનાં સમાચારો પણ કોંગ્રેસ રેડિયો પરથી જ આપવામાં આવ્યા હતા. નેતાઓનાં સંદેશમાં લોકોને ગમેતે ભોગે સ્વરાજ મેળવવા માટે હાકલ કરવામાં આવતી હતી.

રેડિયો પર સૈનિકોને તાલીમ સરકાર સામે બળવો પોકારવાનો સલાહ આપાતી. ડૉ. લિહિયાએ લોકોને અહિંસક લડાઇ માટે સજ્જ થવાની સલાહ આપતા કહ્યુ હતું કે - "દેશમાં રક્તની નદીઓ જરૂર વહેશે પણ તે રક્ત અંગ્રેજોનું નહીં પણ દેશ કાજે સ્વાર્પણ કરનારા સેવકો અને સૈનિકોનું હશે !" આ કાર્યક્રમ પંદરમી ઓગષ્ટથી નવેમ્બરની તેરમી સુધી લગભગ ત્રણ મહિના સતત ચાલ્યો રેડિયો દ્વાર દેશમાં જ નહીં પણ પરદેશમાં પણ આંદોલન ના સમાચાર પહોચતા હતા એની જાણ સુભાષબાબુએ ડૉ. લોહિયા પર ઓગષ્ટ, ૧૯૪૨માં લખેલ એક એક પત્ર પરથી થઈ. એમણે લખ્યું હતું કે તેઓ રોજ સાંજે ૭.૩૦ વાગ્યે આ રેડિયોના સમાચારની આતુરતાપૂર્વક રાહ જોતા.

આ કામ કરનારા ઉષાબહેન સહિત સાત - આઠ જણ હતાં. કાર્યક્રમ કઇ રીતે ગોઠવવો અને તેનુ પ્રસારણ કઇ રીતે કરવું તેની તૈયારી બાબુભાઈ અને ઉષાબહેન મહેતા કરતાં. છતાં આ કાર્ય ભૂગર્ભપ્રવૃત્તિવાળું હતું. જો પોલિસને જરા પણ શક પડી જાય તે પકડાઈ જવાનો ભય ખૂબ રહેતો અને પોલિસ ઝંઝટમાંથી બચવા તેઓએ ખાદી પહેરવાની છોડી દીધી.

આ રેડિયો ભૂગર્ભ પ્રવૃત્તિનું મહત્ત્વનું અંગ હતો. આથી જુદાં-જુદાં સ્થળો એ બધા સાથીઓ રહેતા, દર વખતે સ્થળ બદલતાં રહેવું પડતું. તથા તેના માટે લખનાર, બોલનાર તથા સમચાર લાવનાર નું દળ જુદું-જુદું હતું. દરેક જણ અલગ - અલગ રહેઠાણ પર રહેતું હતું. આથી પોલિસના હાથે પકડાઇ જવાનો પર ઓછો રહેતો ઉષા બહેન મહેતા કહેતા કે - 'વિશ્વશાંતિનું પણ પ્રસારણ રેડિયો પર કરવામાં આવતું હતું.'

૧૨ નવેમ્બર '૧૯૪૨ માં બધા ગિરફતાર થયા. ત્યારે કુમારી રેડિયોબેન ઉષામહેતા રેડિયાનું પ્રસારણ કરી રહ્યાં હતાં. તે સમયે રેડિયો પર 'વંદેમાતરમ્'નું ગીત પ્રસારણ થઈ રહ્યુ હતું. ઉષા મહેતા રેકોર્ડ વગાડવામાં લીન હતા ત્યારે પોલિસે આવી રેડિયો બંધ કરી દીધો અને તેમને ગિરફતાર કરી લેવામાં આવ્યા.

આવી રીતે ૧૯૪૨ની આ લડતમાં અનેક વીરોએ શહીદી વહોરી છે. અનેક મા-બાપો ની લાડલી બેટીઓએ છાતીમાં ગોળીઓ ઝીલી છે. અનેક ગિરફતાર થયા છે. છતા બધા ક્રાંતિવીરોએ આ ક્રાતિની મશાલને જ્વલંત રાખી હતી.

આ લડતની સમીક્ષા કરતાં ફક્ત એટલું જ કહી શકાય કે આ લડત હિંસક નહીં પણ અહિંસક હતી. કારણ કે જે કોઈ હિંસા કે અત્યાચારો થયા તે બધા બ્રિટિશ સરકાર તરફથી થયા હતા. વળી તે અત્યાચારોથી રોષે ભરાયેલા નેતૃત્વહીન લોકોએ સ્વબચાવનાં ભાંગફોડ અને અહિંસાની પ્રવૃત્તિ જ કરી છે.

## સંદર્ભ ગ્રંથ


૧. ભવન્સ જરનલ ઓગષ્ટ - ૯૮ પર આધારિત
પ્રકાશિત : ભારતીય વિદ્યાભવન મુંબઇ

૨. ગુજરાત 'સંભારણા' સ્વાતંત્ર્ય પર્વ સુવર્ણજયંતિ વિશેષાંક
પ્રકાશિત : ગુજરાત રાજ્ય માહિતી ખાતું

૩. દફતર સંરક્ષણ એકમ ગૂજરાત વિદ્યાપીઠ




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાલોડસ્મિ

—ચેતના યાજ્ઞિક, ભરત યાજ્ઞિક

ટેબલ ઉપર બેઠા બેઠા તાઝા-બ-તાઝા કાળના વૃક્ષનું એક પક્વ ફળ હર્ષદેવ હાથ લંબાવીને તોડી લે છે. ને બની જાય છે 'કાલોડસ્મિ' (I am the time, હું સમય - मैं समय) ચાર ભાષામાં સ્પન્દિત કે શબ્દ બદ્ધ રચનાઓનો સંચય જોતા વાચક થોડો ગુંચવાય છે. આ રચનાઓની મૂળ ભાષા કઈ ? અથવા મૂળ સંવેદન કઈ ભાષામાં પ્રગટ થયું ? અલબત્ત કવિનું સંવેદન ભલે એક ક્ષણે અભાષિત હોય પણ અભિવ્યક્તિ પણ સાધન તો ઇચ્છે જ છે. આ સાધનો કઈ ભાષાનાં હતાં ? કવિએ તો સંગ્રહને multilingual નોધાયું કહ્યો છે. (એક વાત કાનમાં કહું ?) હવે હું હર્ષદેવ એવું નહિ કહું. પણ મારો ચિ. ભાઈ હર્ષ(હર્ષદિયો) નાનો ટબૂકલો હતો ત્યારનો રંગ અને પીંછીનો કસબ કરતો મેં જોયો છે એના ટેરવાઓ કવિતાનાં અક્ષરોને પ્રસવે એ પૂર્વે પીંછીના લસરકાઓની પ્રસવતા હતા. એ મને તદ્દન યાદ છે. એટલે સાથીભાવે આ સંગ્રહની ભાષા પહેલી રેખાઓમાં પ્રગટી છે. ત્યારબાદ સંસ્કૃતની એમની પંડિતાઈ પગલું માંડે છે. હા ! ગુજરાતી કવિતારૂપે એમની પાસે સંસ્કૃત કરતાં પહેલાં પ્રગટી હતી. અને કલાન્તરે અંગ્રેજી અને હિન્દી એમ સમજાયું છે.

સમયના બહુ આયામી ચિત્રો ધોમ-ધખની રેત દર્શાવતું કે એક્વેરિયમ બની જતું સમયનું ચિત્ર ઘડિયાળમાંથી લોહી નીંગળતું રેખાંકન અલસ ગતિએ જતી ટ્રેન સમુ સમયનું ચિત્ર ટૂકડે-ટૂકડામાં સમયને અભિવ્યક્ત કરતું ઘડિયાળનું ક્ષત-વિક્ષત ચિત્ર, બોટલની અંદર ઘડિયાળની કલ્પના, બાર કલાકના આંકડાઓને આંખોમાં બદલી નાંખતો કવિ, (ચિત્રકાર કવિ) ટેબલ ઉપર કપ-રકાબીની સાથે સમયને ગોઠવી દેતો ચિત્રકાર, ટાવરને કોઈ ટાંકી સમાન કલ્પિત કરતો, આમ ચિત્રકાર ત્રીસ ચિત્રોની સાથે સમયને એક જુદા જ ચશ્માથી જોવા માટે મથ્યો છે. સરરિયાલીસ્ટીકોએ મુકેલા ચિત્રો સાથેના સંગ્રહમાં કવિતા ચિત્રની વચ્ચે આવતી. જ્યારે અહીં ચિત્ર તો બોલે જ છે. એની સાથે કવિ ચારેય ભાષામાં એ ચિત્રને કેન્દ્રમાં રાખીને ભાષાના પ્રયોગો, શબ્દો, પ્રતિકો, જાળવીને કવિતા રચે છે. અથવા રચી છે.

ચારે-ચાર ભાષાના કાવ્યો વાંચવા માટે ભાષા નિષ્ણાંત હોવાની કોઈ જ જરૂર પડતી નથી. માત્ર સામાન્ય કવિતાની સમજ હોય, સમજવાનો મહાવરો હોય તો હર્ષદેવ એમની વાત વાચકની પાસે સરળતાથી મૂકી આપે છે. કેટલાક ઉદાહરણ જોવા જેવા છે.

In the pocket of time
our life
is penny-worth ! (પૃ. ૫૭)

હવે અનુવાદ હોત તો સીધેસીધું સમયના ખિસ્સામાં આપણું જીવન પૈસા સમું છે. એવું કોઈ અનુવાદકે કહ્યું હોય પણ કવિ લખતો હોય છે ત્યારે એને ભાષા કોઈ જગ્યાએ બાધક ન બને પણ સાધક માટે સાધનનું કામ કરે. ગુજરાતી પંક્તિઓ આજ કલ્પનની જોવા જેવી છે.

કાણિયા પૈસા સમું જીવન,
સમય-ખિસ્સે ફક્ત.
રાંકના સિક્કા સમો છે
આપણી પાસે વખત (પૃ. ૫૭)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડુંક વિચારીએ. કવિની પાસે આવેલા શબ્દો કાણિયા, પૈસા, સમું, ખિસ્સે, રાંક, સમૌ, વખત આ બધા ળ ગુજરાતીના અને તળ ગુજરાતી બોલતા ભાષકોના શબ્દો નથી ? અને છતાં આયાસ વગર અંગ્રેજીને પંક્તિઓ ાનુસરે છે.

હવે આજ સંવેદન સંસ્કૃતમાં કઈ રીતે વહ્યું છે.

समयस्य
वस्त्र - कोषे किं नु मूल्यम्
अस्मज्जीवितस्य ?
समयस्य वस्त्रकोषें वयं स्मः
अस्माकं वस्त्र कोषे - अस्ति
समयोऽल्पकः ॥ (પૃ. ૫૭)

આ એક જ ઉદાહરણ નહીં પણ બીજા ઉદાહરણના પારસ્પારિક કવિના ભાષાકર્મ અને કલમકસબના તણખા ામા આખી પ્રતમાં ઉડતા નજરે પડે છે. કવિ લખે છે

Time is Commiting Suicide every moment in Suffocating life (પૃ. ૪૫)

महाकालपाशबद्धः समयः करोति स्वधातं प्रतिक्षणम् ॥ (पृ. ४५)

પણ ગુજરાતીમાં આજ ભાવને કવિ ગળાફાંસો, ટૂંપો, આપઘાતી, તાયફો વગેરે શબ્દોથી સજાવી દે છે. ગુજરાતી પંક્તિઓ પણ ચૂંઈગગમ જેવી બની જાય છે.

છે ગળા ફાંસો સમયને ક્ષણ પછી ક્ષણનો અરે !
રેતને ટૂંપો ગળે વળગેલ છે રણનો અરે !
જીવવા માટે કર્યા છે આપઘાતી તાયફા
બસ, ખસેડી લો તમે ટેકોય કારણનો અરે ! (પૃ. ૪૫)

કવિ પો.બો.રૂપે સમયને જુએ છે. પત્ર રૂપે એમાં જીંદગીને ફેંકાતી અનુભવે છે. વાવના કૂવાનું શાંત જળ ાો ક્યારેક જીંદગીના કમળનું સમયના તળાવમાં ખીલતું જુએ છે. એક જગ્યાએ કવિ હિન્દીમાં વહે છે.

रौद्र दाँत, भीषण ललाट,
मुखसे उगले यह आग-आग
है तेज दीप्त, आकाश स्तुब्ध
धरती पर नाचे काल-नाग

સમગ્ર હિન્દીના કવિ કર્મથી અજાણ કવિની પાસેથી શું આવી નખશીખ હિન્દીભાષી વ્યક્તિ જેવી બાની ીકળે ખરી ? પણ વર્ષોથી મનાવ્યું છે તેમ જ્યારે સંવેદન આકૃતિ બદ્ધ થતું હોય છે ત્યારે સાધનો આકારને અનુરૂપ ોઠવાઈ જાય છે. અહીં પણ એવું જ થતું લાગ્યા કરે છે.

આ સમય જાણે કે અધવાંચી કિતાબ જાણવા ક્યાંથી બધા પ્રશ્નો જનાબ.

આસાનીથી જનાબ અને કિતાબ કાફિયા બની બેઠા છે. ૫૯ પાનામાં વિસ્તરેલી આ સમયની અક્ષરયાત્રાના ધા જ ઉદાહરણો આપીને મારે તમને આળસુ બનવા નથી દેવા. અહીં કવિને સભાન કે અભાન કવિકર્મ ખીલ્યું ે, ફાલ્યું છે, મહોર્યું છે. બસ, આમેય બધું જાણવા કરતાં માણવા માટે વધુ હોય છે.

(કાલોઽસ્મિ. ડૉ. હર્ષદેવ માધવ, પાર્શ્વ પ્રકાશન, ૧૯૯૯, કિ. ૪૦/-)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગણેશનાં વિવિધ ઉપાસના સ્વરૂપો

ડૉ. નિરંજના વોરા*

आदौ पूज्यो विनायकः- આ ઉક્તિ અનુસાર સમસ્ત શુભ કાર્યોના પ્રારંભમાં શ્રીગણેશની અગ્રપૂજા વિશાળ હિંદુ સમાજમાં સુપ્રસિદ્ધ છે. શ્રીગણેશ પરબ્રહ્મ સ્વરૂપ છે. અથર્વશિરસ ઉપનિષદ, ગણેશપુરાણ, મુદ્દગલપુરાણ વગેરે ગણેશ સબંધિ સાહિત્યમાં શ્રીગણેશના પરબ્રહ્મ સ્વરૂપનું વર્ણન અનેકવાર કરવામાં આવ્યું છે. ૐ इति शब्दोऽभूत सर्वे गजाकारः । ઋગ્વેદ સંહિતામાં પણ गजानां त्वां गणपतिं हवामहे कविं कवीनाम् વગેરે શ્લોકોમાં ગણપતિનું વર્ણન છે.

ગણપતિ સર્વ વિઘ્નો દૂર કરનાર તથા રિદ્ધિ-સિદ્ધિ-બુદ્ધિના પ્રદાતા છે. ગણેશની ઉપાસના ભારત ઉપરાંત ચીન, જાપાન, બાલી, નેપાળ, બ્રહ્મદેશ, અફઘાનિસ્તાન વગેરે દેશોમાં પણ પ્રચલિત છે. આ દેશોમાં ગણેશની વિવિધ સ્વરૂપની મૂર્તિઓ તથા મંદિરો આજે પણ વિદ્યમાન છે.

**પંચદેવની ઉપાસનામાં ગણેશ**

आदित्यं गणनाथं च देवीं रुद्रं च केशवम् ।
पंञ्चदैवतमित्युकं सर्वकर्मसु पूजयेत ॥

પાંચ દેવોની ઉપાસનાનું રહસ્ય પંચભૂત સાથે સબંધિત છે. પંચભૂત તે પૃથ્વી,જળ,તેજ,વાયુ અને આકાશ. આ તત્ત્વોના પાંચ દેવો આ પ્રમાણે છે.

आकाशस्याधियो विष्णुर् ॥
वायोः सूर्यः क्षितेरीशो जीवनस्य गणाधिपः ॥

પૃથ્વીતત્ત્વ - શિવ અધિપતિ
જલતત્ત્વ - ગણેશ અધિપતિ
તેજ(અગ્નિ) - શક્તિ અધિપતિ
મરુત(વાયુ) - સૂર્ય અધિપતિ
આકાશતત્ત્વ - વિષ્ણુ અધિપતિ

ભગવાન શિવ પૃથ્વીના અધિપતિ હોવાથી તેમની પાર્થિવપૂજાનું વિધાન છે. વિષ્ણુ આકાશતત્ત્વના અધિપતિ હોવાથી શબ્દો દ્વારા તેમની સ્તુતિ કરવાનો આદેશ છે. અગ્નિની અધિપતિ શક્તિ હોવાથી શક્તિ-દેવીનું અગ્નિકુંડ-યજ્ઞ દ્વારા પૂજન કરાય છે. ગણેશ જળતત્ત્વના અધિપતિ હોવાથી સર્વપ્રથમ પૂજન કરવાનો આદેશ છે. મનુનું કથન છે કે अप एव ससर्जादौ तासु बीजमवासृजत् (મનુસ્મૃતિ, ૧:૮). સૃષ્ટિમાં સર્વપ્રથમ ઉત્પન્ન થનાર જળતત્ત્વના અધિપતિ ગણપતિ હોવાથી તેમની પૂજા સર્વપ્રથમ થાય છે. જળતત્ત્વપ્રધાન વ્યક્તિ માટે ગણપતિની પૂજા આવશ્યક છે.

**યોગશાસ્ત્રની દૃષ્ટિએ શ્રીગણેશની અગ્રતા :**

યોગશાસ્ત્રના આચાર્યોનું કહેવું છે કે મેરૂદંડના મધ્યમાં જે સુષુમ્ણા નાડી છે, તે બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશીને મસ્તિષ્કની નાડીઓ સાથે મળી જાય છે. સાધારણ સ્થિતિમાં પ્રાણ સંપૂર્ણ શરીરમાં પ્રસરેલો હોય છે. યોગક્રિયાથી

★ સંયોજક, આંતરરાષ્ટ્રીય જૈન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.



For Private and Personal Use Only

પ્રાણને સુષુમ્ણામાં સ્થિત કરીને યોગી તેને મસ્તિષ્ક તરફ લઈ જાય છે, તેમ તેનું ચિત્ત શાન્ત થાય છે અને તેની જ્ઞાનશક્તિમાં વૃદ્ધિ થાય છે. સુષુમ્ણામાં નીચેથી ઉપર સુધી ક્રમશઃ મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર હોય છે. આ મૂલાધારને ગણેશસ્થાન કહે છે, કારણ તેના અધિપતિ દેવતા ગણપતિ છે. આમ, યોગમાં પણ ગણપતિનું સ્થાન પ્રથમ છે.

બાલાપદ્ધતિમાં આ છ ચક્રોના દેવતાઓનાં નામ આ પ્રમાણે છે :

गणेश्वरो विधिर्विष्णुः शिवो नीवी गुरुस्तथा ।

षडेते हंसतामेत्य मूलाधारादिषु स्थिताः ॥

તે ઉપરાંત ગણપતિ ૐકાર સ્વરૂપ મનાય છે. તેથી પણ પૂજામાં તેનું સ્થાન અગ્ર રહે છે.

**ગણપતિનું સ્વરૂપ તથા શસ્ત્ર-અસ્ત્ર**

ગણનો અર્થ વર્ગ થાય છે. સમૂહ કે સમુદાય. ઈશ્‌નો અર્થ સ્વામી. શિવ-ગણો અર્થાત્ ગણ દેવોના સ્વામી હોવાથી તે ગણેશ કહેવાય છે. આઠ વસુ, અગિયાર રુદ્ર અને બાર આદિત્યને ગણદેવતા કહેવાય છે.

'ગણ' શબ્દ વ્યાકરણમાં પણ આવે છે. વ્યાકરણમાં ગણપાઠનું એક અલગ અસ્તિત્વ છે. તેવી જ રીતે ભ્વાદિ, અદાદિ તથા જુહોત્યાદિ પ્રભુતિગણ ધાતુ-સમૂહ છે. ગણ શબ્દ રુદ્રના અનુચરો માટે પણ વપરાય છે. રામાયણમાં કહેવાયું છે.

धनाध्यक्ष समोदेवः प्राप्तो हि वृषभध्वजः ।

उमासहायो देवेशो गणैश्च बहुभिर्युतः ॥

સંખ્યાવિશેષક સેનાનો બોધક શબ્દ પણ ગણ છે. જેમ કે હાથી=૨૭, રથ=૨૯, અશ્વ=૮૧, પદાતિ=૧૩૫ અર્થાત્ ૨૭૦નો સમુદાય એના સ્વામી પણ શ્રીગણેશ છે. 'મહાનિર્વાણતંત્ર'માં કહ્યું છે. गणपस्तु महेशानि गणदीक्षाप्रवर्तकः ।

જ્યોતિષશાસ્ત્રમાં અશ્વિની વગેરે જન્મ નક્ષત્રો પ્રમાણે દેવ, માનવ અને રાક્ષસ એ ત્રણ ગણ છે. આ સર્વ પ્રકારના ગણનાં સ્વામી ગણપતિ છે.

છંદશાસ્ત્રમાં પણ મગણ, નગણ, યગણ વગેરે આઠ ગણ હોય છે. ગણ નામના દૈત્ય પર તેમનો અધિકાર હોવાથી તે ગણેશ કહેવાય છે. અક્ષરોને પણ ગણ કહેવાય છે. તેના ઈશ્ હોવાને કારણે ગણેશ કહેવાય છે. આથી ગણપતિ વિદ્યા, બુદ્ધિના પ્રદાતા મનાય છે. 'ગણેશ' શબ્દનો વિદ્વાનો એ નીચે પ્રમાણે અર્થ કર્યો છે.

ज्ञानार्थवाचको गश्च णश्च निर्वाणवाचकः ।

तयोरीशं परब्रह्म गणेशं प्रणमाम्यहम् ॥

'ગ' અક્ષર જ્ઞાનનો અને 'ણ' અક્ષર નિર્વાણનો વાચક છે. તેથી જ્ઞાન અને મોક્ષના સ્વામી પર બ્રહ્મ ગણેશને હું પ્રણામ કરું છું.

गणानां पति गणपतिः અથવા

निर्गुणसगुण ब्रह्मगणानां पतिः गणपतिः ।

સર્વવિધગણોને સત્તા-સ્ફૂર્તિ આપનાર જે પરમાત્મા છે તે ગણપતિ છે. ગણપતિ પૂજન દ્વારા પરમાત્માનું જ પૂજન થાય છે, તે બ્રહ્મથી અભિન્ન છે.

ગણપતિ ચતુર્ભુજ છે. કારણ તે દેવ, મનુષ્ય, અસુર અને નાગ એ ચાર વર્ગોના અને ચાર વેદોના સ્થાપક છે. તેમની પાસે પાશ અને અંકુશ રહે છે. પાશ એ મોહ અને અંકુશ એ તમોગુણનું પ્રતીક છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ગણપતિનું ધ્યાત્વ સ્વરૂપ

सर्वस्थूलनुं गजेन्द्रवदनं लम्बोदरं सुंदरं
प्रस्यन्दन्मदगन्धलुब्धमधुपव्यालोलगण्डस्थलम् ।
दन्ताघातविदारितारिरुधिरैः सिन्दूरशोभाकरं
वन्दे शैलसुतासुतं गणपतिं सिद्धिप्रदं कर्मसु ॥

શ્રી ગણેશજીની આકૃતિ નાની છે, શરીર સ્થૂળ છે, મુખ ગજેન્દ્રનું છે, ઉદર વિશાળ અને સુંદર છે. એમના ગણ્ડસ્થલ પર મદસ્રાવ થઇ રહ્યો છે અને ભ્રમરગણ ચારે બાજુથી એની ઉપર એકત્રિત થઇ રહ્યો છે. તે પોતાના દાંતથી શત્રુઓનું વિદારણ કરીને એમના રક્તનું શરીર પર અવલેપન કરીને સિંદૂરનો લેપ કર્યા પછીની હોય તેવી શોભા ધારણ કરે છે. આઠ સિદ્ધિ અને નવ નિધિ ગણપતિની સેવામાં ઉપસ્થિત રહે છે. દેવગણ શ્રીપાર્વતીજીના આ પુત્રની અહિંનિશ સેવા કરતા, એમની કૃપાદષ્ટિ વાંછે છે.

### ગણપતિના સ્વરૂપનું આધ્યાત્મિક રહસ્ય •

શ્રીગોસ્વામી તુલસીદાસે રામાયણમાં શ્રીપાર્વતીને શ્રદ્ધા અને શિવને વિશ્વાસના પ્રતીક તરીકે નિરૂપ્યાં છે. કોઇપણ કાર્યસિદ્ધિ માટે શ્રદ્ધા-વિશ્વાસ હોવાં જરૂરી છે. જ્યાં સુધી શ્રદ્ધા નથી હોતી ત્યાં સુધી આત્મવિશ્વાસ જાગૃત થતો નથી. અને આત્મવિશ્વાસના અભાવમાં શ્રદ્ધા પણ લાંબો સમય ટકી શકતી નથી. શ્રી ગણેશજી શિવ પાર્વતીના પુત્ર હોવાથી આ રીતે જ સિદ્ધિ અને અભીષ્ટપૂર્તિના પ્રતીક ગણાય છે. કોઇપણ કાર્યના આરંભમાં કાર્યસિદ્ધિ અર્થે શ્રીગણેશજીની આરાધના આથી જ અનિવાર્ય છે.

ગણપતિને ચાર હાથ છે. તેમાં પાશ મોહ અને તમોગુણનું પ્રતીક મનાય છે. અંકુશ પ્રવૃત્તિ તથા રજોગુણનું ચિહ્ન છે. મોદ(મોદક)નો અર્થ આનંદપ્રદાન કરનાર એવો થાય છે. વરમુદ્રા સત્વગુણનું પ્રતીક છે અર્થાત્ ગણેશજીના ઉપાસક તમોગુણ, રજોગુણ અને સત્વગુણ એ ત્રણેથી પર થઈને એક વિશેષ આનંદનો અનુભવ કરે છે.

ચમ્પતરાયજીના કહેવા પ્રમાણે ઉંદર વિવેચક, વિભાજક, ભેદકારક, વિસ્તારક અને વિશ્લેષક બુદ્ધિનું પ્રતીક છે. ગણપતિનો શિરોચ્છેદ અહંકારનો નાશ સૂચવે છે. હાથીનું મસ્તક ધારણ કરવું તે સંયોજક, સમન્વયકારક અને સંશ્લેષક બુદ્ધિનો ઉદય સૂચવે છે. ગણપતિનું એકદન્તી હોવું તે એમની અદ્વૈતપ્રિયતા દર્શાવે છે. લંબોદરનું તાત્પર્ય એ છે કે અનેક બ્રહ્માણ્ડ એમના ઉદરમાં સમાયા છે.

હાથી જેવું મસ્તક અને સ્થૂળ શરીર એ ગણેશજીની શુભ આકૃતિ છે. એમનું સ્થૂળકાય નામ પણ પ્રખ્યાત છે. બાળકો હસ્ટપુસ્ટ રહે એ ભાવનાનું પ્રતીક એમનું શરીર છે. ભગવાન ગણપતિ વિશાળકાય છે, પણ એમનું વાહન ઉંદર અત્યંત લઘુકાય છે. અન્ય દેવોના વાહનમાં સિંહ, અશ્વ, ગુરુડ, મયૂર વગેરે પશુ-પક્ષીઓ છે.. ભગવાનના સંપર્કથી એમના વાહનને પણ મહત્તા પ્રાપ્ત થાય છે. મહામહિમા ભગવાન લઘુમાં લઘુ પ્રાણીઓને પણ અનુગ્રહીત કરે છે એ ભાવ એમાં સ્વીકારાયો છે. ઉંદર વિશ્લેષણાત્મક તથા તાર્કિક બુદ્ધિનો દ્યોતક છે.

હાથીને પોતાનો દાંત ખૂબ પ્રિય હોય છે. એ એને હંમેશા શુભ્ર રાખે છે. ગણપતિએ આ દાંતનો અગ્રભાગ તોડી એને તીક્ષ્ણ બનાવી એનાથી મહાભારતલેખનનું કામ કર્યું. વિદ્યોપાર્જન, ધર્મ અને ન્યાયને માટે પ્રિય વસ્તુઓને પણ ત્યાગવી જોઈએ એ રહસ્યનું એમણે આ રીતે પ્રતિપાદન કર્યું છે.

ગણપતિનું મુખ ગજનું છે, પણ નીચેનો ભાગ મનુષ્યનો છે. તેમના દેહમાં નર તથા ગજનું અનુપમ સમ્મિલન થયું છે. ગજ સાક્ષાત બ્રહ્મને કહે છે. સમાધિ દ્વારા યોગીરાજ જેની પાસે જાય છે, જેને પ્રાપ્ત કરે છે તે 'ગ'(समाधिना योगिनो यत्र गच्छन्तीति गः) તથા જેનાથી આ જગત ઉત્પન્ન થાય છે તે છે 'જ'(यस्माद बिम्बप्रतिबिम्बतया प्रणवात्मकं जगज्जायते इति जः) વિશ્વકારણ હોવાથી તે બ્રહ્મ(ગજ) કહેવાય છે. ગણેશનો ઉપરનો ભાગ ગજ જેવો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. અર્થાત્ નિરૂપાધિક બ્રહ્મનું પ્રતીક છે. નીચેનો ભાગ મનુષ્યનો છે તેનો અર્થ જીવ એટલે કે સોપાધિક બ્રહ્મ છે. ગણેશજીનું મસ્તક तत् પદાર્થનો સંકેત કરે છે અને નીચેનો ભાગ त्वम् પદાર્થનો સંકેત કરે છે.

કેટલાક લોકો શંકા કરે છે કે ગણેશજી તો શિવ પાર્વતીના પુત્ર છે, એમના વિવાહ સમયે ગણપતિનો જન્મ પણ થયો ન હતો, તો પછી પૂજન કેવી રીતે થાય ? વાસ્તવમાં ગણેશજી કોઈના પુત્ર નથી, એ અજ, અનાદિ અને અનંત છે. શિવજીના પુત્ર જે ગણેશ છે તે તો એ અજ, અનાદિ, અનંત પરમાત્મા જ છે, શિવજીના પુત્ર ગણેશ તે પરબ્રહ્મરૂપ ગણપતિના અવતાર છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં જણાવ્યું છે કે પાર્વતીના તપથી ગોલોકનિવાસી પૂર્ણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા જ ગણપતિરૂપે અવતર્યા. અતઃ ગણપતિ, શિવ-કૃષ્ણ વગેરે એક જ છે.

### ગણપતિનું ૐકારસ્વરૂપ

ગણપતિનું શબ્દબ્રહ્મ કે ૐકારના પ્રતીકરૂપ છે. ગણેશની એક મૂર્તિ ૐ પણ છે. એમાં આરંભિક ભાગ ગજનો શુણ્ડદણ્ડ છે, ઉપરનો અનુનાસિક ભાલચંદ્ર છે. એક કથા છે કે શિવ-પાર્વતી ૐકારના ચિત્ર ઉપર ધ્યાનથી દૃષ્ટિ રાખીને બેઠા હતા, એટલામાં એ ચિત્રમાંથી જ સાક્ષાત ગણપતિ ઉપસ્થિત થયા. એ નિહાળીને શિવ-પાર્વતી અત્યંત પ્રસન્ન થયા. પ્રણવ બધી શ્રુતિઓમાં પ્રથમ હોવાથી ગણેશની પ્રથમ પૂજા કરવામાં આવે છે.

अकारो वासुदेवः स्यादुकारो विधिरूच्यते ।

मकारस्तु महादेवः प्रणवाय नमोऽस्तु ते ॥ (श्री गणेशस्तव)

'અ' સત્વગુણપ્રધાન વિષ્ણુ, 'ઉ' રજોગુણપ્રધાન બ્રહ્મા અને 'મ' તમોગુણપ્રધાન મહાદેવ- આ ત્રણે દેવતા જેમાંથી પ્રગટ થયા છે તે પ્રણવ દરેક દેવતાઓ તથા વેદ કરતાં પણ સનાતન છે. એ પ્રણવસ્વરૂપ તમને (ગણેશને) નમસ્કાર છે. આમ સર્વ દેવતાઓની ઉત્પત્તિ પણ પૂર્ણસ્વરૂપ ગણપતિમાં માનેલી છે.

### ગણપતિનું સગુણ - નિર્ગુણ સ્વરૂપ

ગણપતિના સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપમાં વર્ણનો મળે છે. આમ તો સત્ ચિતરૂપ પરબ્રહ્મ એ જ ગણેશ છે, એ માન્યતા પ્રચલિત છે. ગણેશોત્તરતાપિન્યુપનિષદમાં એમના નિર્ગુણ સ્વરૂપનું વર્ણન આપતાં કહ્યું છે :

स निर्गुणः स निरंहकारः स निर्विकल्पः स निरीहः

आनंदरूपः तेजोरूपं अनिर्वाच्यमप्रमेयः पुरातनो गणेशः निगद्यते।

અર્થાત્ એને કોઈ રૂપ નથી, નામ નથી અને ગુણ નથી તે નિર્ગુણ, નિરંહકાર, નિર્વિકલ્પ, નિરીહ, નિરાકાર, આનંદરૂપ, તેજોરૂપ, અનિર્વચનીય અને અપ્રમેય કાલાતીત ગણેશ છે. એ રીતે એકાક્ષર, ૐકારરૂપ પરબ્રહ્મ પણ તે જ છે. નિર્ગુણ ઉપાસનામાં જ્ઞાન સાધન છે તથા મોક્ષ સાધ્ય છે. આ સાધનરૂપ જ્ઞાન અને સાધ્યરૂપ મોક્ષ બંનેના સ્વામી શ્રીગણેશ છે.

ज्ञानार्थवाचको गश्च णश्च निर्वाणवाचकः ।

तयोरीशं परं ब्रह्म गणेशं प्रणमाम्यहम् ॥

પરમાત્મા ગણેશ સગુણરૂપમાં પણ પ્રગટ થયા છે. દૈત્યોનો સંહાર કરવા માટે કે વિવિધ પ્રયોજનો માટે તેમણે અવતાર ધારણ કર્યા છે. ગણપતિના મૂળ સ્વરૂપને જાણીને એમના સગુણ સ્વરૂપની ઉપાસના કરવી જોઈએ. ગણપતિનાં સગુણ સ્વરૂપનાં એમના અસ્ત્ર-શસ્ત્ર, અંગરાગ, વસ્ત્રો, દેખાવ વગેરેનાં અનેકવિધ વર્ણનો મળે છે. ઉપાસ્ય ગણેશની મૂર્તિના અલગ અલગ પ્રકાર હોય છે. એનો અર્ચનવિધિ પણ અલગ હોય છે. દ્વિભુજથી માંડીને અઢાર હાથવાળી તથા એકમુખ ગણપતિથી માંડીને દસમુખ ગણપતિની મૂર્તિઓ હોય છે. મૂષકની સાથે સિંહ-મયુરનાં વાહનો પણ પૂજાય છે. વિશેષવસ્તુથી પૂજાવાને કારણે પણ ગણપતિનાં વિવિધ સ્વરૂપો મનાયાં છે. જેમ કે હરિદ્રારગણેશ, દૂર્વા ગણેશ, શમીગણેશ, ગોમયગણેશ વગેરે. કામ્યકર્મ અનુસાર સંતાનગણેશ, વિદ્યાગણેશ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગેરે નામો પણ પ્રચલિત છે. ગણેશનાં અનેક વ્રત છે. (એની વિધિ વિસ્તારભયે અહીં આપી નથી) એ વરદચતુર્થીવ્રત, એકવીસ દિવસનું ગણપતિનું વ્રત, ગણેશપાર્થિવપૂજનવ્રત, ગણેશચતુર્થીવ્રત, તિલાચતુર્થીવ્રત, સંકષ્ટહક ચતુર્થીવ્રત, નૈવાયકી ચતુર્થીવ્રત વગેરે વ્રત વધારે પ્રસિદ્ધ છે. કર્મમાર્ગીઓ ગણેશયાત્રા પણ કરે છે. ગણેશયંત્રોનું વ્યવસ્થિત પૂજન-હવન વગેરે પણ કરે છે. એકાક્ષરથી માંડીને અનેક અક્ષરોવાળા ગણપતિના મંત્રો પણ જપે છે. સિદ્ધિવિનાયક, સત્યવિનાયક વગેરે તાંત્રિક ઉપાસનાઓ પણ પ્રચલિત છે. આમ ગણપતિની સગુણ ઉપાસના ભારતમાં જ નહિ વિદેશોમાં પણ પ્રચલિત છે. વિશ્વના વિવિધ દેશોમાં ગણપતિની અનેક પ્રકારની પ્રતિમાઓ જોવા મળે છે.

ગાણપત્યસંપ્રદાયના છ પ્રકાર છે :

મહાગણપતિ, હરિદ્રાગણપતિ, ઉચ્છિષ્ટગણપતિ, નવનીતગણપતિ, સ્વર્ણગણપતિ અને સંતાનગણપતિ સંપ્રદાય.

વિવિધ પુરાણો અને ગ્રંથોમાં ગણપતિના વિવિધ અવતારો તથા લીલાઓનાં સુંદર સુંદર વર્ણનો પણ કરાયેલાં છે. શ્રી ગણેશ શિવ-પાર્વતીના પુત્ર મનાય છે. તેમના જન્મ વિશેની કથા પ્રચલિત છે. જો કે વિભિન્ન પુરાણો અનુસાર તેમાં થોડો તફાવત છે. જેની ચર્ચા લંબાણભયે અહીં શક્ય નથી. ગણપતિના મુખ્ય અવતારો વક્રતુણ્ડ, એકદન્ત, મહોદર, ગજાનન, લંબોદર, વિકટ, વિઘ્નરાજ, ધૂમ્રવર્ણ, ધૂમકેતુ, મહોત્કટ-વિનાયક તથા મયૂરેશ્વર ગણાય છે.

વેદકાલીન સમયથી ગણેશનું પૂજન-અર્ચન થતું આવ્યું છે. ગણપતિની પૂજા કેવળ ભારતના વિવિધ પ્રાંતોમાં જ પ્રચલિત નથી પરંતુ ચીન, જાપાન, તુર્કસ્તાન, તિબેટ વગેરે દેશોમાં પણ પ્રચલિત છે અને એ દેશોમાંથી તેના સંદર્ભો પણ મળે છે. આમ ગણપતિ સૌના આરાધ્ય દેવ છે. પ્રત્યેક શુભ કાર્યમાં એમની આશિષ મળે એ જ પ્રાર્થના સહ... અસ્તુ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






For Private and Personal Use Only